CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૩ માર્ચ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ સાતમ | અંક : ૨૧૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# અમદાવાદ, કચ્છ, દ્વારકા અને ધાનેરામાં વરસાદ વરસ્યો

## માવઠાની આગાહી વચ્ચે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થતાં આજથી ત્રણ દિવસ સુધી ઠંડીમાં વધારો થઇ શકે છે

। ગાંધીનગર, તા.૨ ।

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. અગાહીની વચ્ચે કચ્છમાં વરસાદી ઝાપટા પડ્યા છે. વહેલી પરોઢથી કચ્છમાં અનેક વિસ્તારોમાં ઝાપટા પડ્યા છે. ભુજ, અંજાર, મુંદ્રા, ગાંધીધામ સહિત વિસ્તારમાં વરસાદ છે. હવામાન વિભાગ દ્વારા ૨ દિવસની વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પાક નુકસાનની ભીતિ છે, જેના કારણ ધરતીપુત્રોની ચિંતા વધી છે. બનાસકાંઠાના ધાનેરા ના બોર્ડર વિસ્તારના ગામડાઓમાં વરસાદ શરૂ છે. બાપલા, વક્તાપુરા, માલોતરા, કુંડી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ છે, જેના કારણે રાયડો, જીરું, વરિયાળી, બટાકા, સહિતના પાકમાં નુકસાનની શક્યતા છે. આકાશમાં કાળા વાદળો અને વીજળીના ચમકારા વચ્ચે વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન સાથે વરસાદની શરૂઆતથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગે ૨૧ જિલ્લામાં વરસાદનું એલર્ટ આપ્યું છે. એક સાથે બે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા હવામાન વિભાગે રાજ્યના કેટલાક





જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. ચારેય ઝોનના કુલ ૨૧ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે. માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સર્જાયેલા સાયક્લોનિક સિસ્ટમના કારણે રાજ્યમાં કમોસમી વરસાદની શક્યતા પ્રબળ બની છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે સવારથી જ દેવભૂમિ દ્વારકામાં વાતવરણમાં અચાનક પલટો જોવા મળ્યો સવારથી ઠંડા પવન અને વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસતા વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. જો કે કમોસમી વરસાદે ખેડૂતોનો ચિંતામો ચોક્કસ વધારો કર્યો છે. અગાહીની વચ્ચે કચ્છમાં વરસાદી ઝાપટા પડ્યા છે. વહેલી પરોઢથી કચ્છમાં અનેક વિસ્તારોમાં ઝાપટા પડ્યા છે. ભુજ, અંજાર, મુંદ્રા, ગાંધીધામ સહિત વિસ્તારમાં વરસાદ છે. હવામાન વિભાગ દ્વારા ૨ દિવસની વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પાક નુકસાનની ભીતિ છે, જેના કારણ ધરતીપુત્રોની ચિંતા વધી છે. બનાસકાંઠાના ધાનેરા ના બોર્ડર વિસ્તારના ગામડાઓમાં વરસાદ શરૂ થયો છે. બાપલા, વક્તાપુરા, માલોતરા, કુંડી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ છે, જેના કારણે રાયડો, જીરું, વરિયાળી, બટાકા, સહિતના પાકમાં નુકસાનની શક્યતા છે. આકાશમાં કાળા વાદળો અને વીજળીના ચમકારા વચ્ચે વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન સાથે વરસાદની શરૂઆતથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. માવઠાની આગાહી વચ્ચે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થતાં આજથી ત્રણ દિવસ સુધી ઠંડીમાં વધારો થઈ શકે છે. ઠંડીની આગાહી સાથે અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે વરસાદ થયો હતો. બદલતા વાતાવરણ વચ્ચે આગામી ત્રણ દિવસ લઘુતમ તાપ માનનો પારો ગગડીને ૧૪ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. કમોસમી વરસાદની આગાહીને પગલે રાજ્યના ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કેરી સહિતના પાકને નુકસાનની ભિતી સેવાઈ રહી છે. કેટલાક માર્કેટ યાર્ડોમાં તૈયાર જણસને સુરક્ષિત સ્થળે ખસેડી લેવાની ખેડૂતો અને માર્કેટ યાર્ડના સત્તાધીશોને સ્થાનિક સ્તરે સૂચના અપાઈ છે.

---

### ન્યૂઝ બ્રિફ

## થાઈલેન્ડને ડબલ્યુટીઓ માં તેના રાજદૂતને હટાવવાની ફરજ પડી

। નવી દિલ્હી, તા.૨ ।

ભારતના ચોખા ખરીદી કાર્યક્રમ અંગે વિશ્વ વેપાર સંગઠન (ડબ્લ્યૂટીઓ) માં થાઈલેન્ડના રાજદૂત તરફથી વિવાદાસ્પદ ટિપ્પણી કરાયા બાદ તેની સામે ભારત સરકારે ભારે વિરોધ નોંધાવ્યો હતો. જેના બાદ થાઈલેન્ડે ડબલ્યુટીઓમાં થાઈલેન્ડના રાજદૂતને હટાવવાની ફરજ પડી હતી. એક ટોચના અધિકારીએ આ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું કે થાઈ એમ્બેસેડર પિમ્ચાનોક વોનકોર્પોન પિટફિલ્ડને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુટીઓ) ૧૩મી મંત્રી પરિષદ (એમસી-૧૩)માંથી થાઈલેન્ડ પરત આવી જવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે. એવી માહિતી છે કે થાઈલેન્ડના વિદેશ સચિવને હવે તેમની જગ્યાએ જવાબદારી સોંપવામાં આવી હતી. મંત્રી સ્તરની મંત્રણા પાંચમા દિવસમાં પ્રવેશી ગઈ છે. અધિકારીએ કહ્યું કે ભારતે મંગળવારે સલાહ સૂચન માટેની બેઠક દરમિયાન પીટફિલ્ડની ટિપ્પણીઓ પર ભારે નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે નવી દિલ્હી પર આરોપ લગાવ્યો હતો કે પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ માટે ન્યૂનતમ ટેકાના ભાવ (એમએસપી) પર ચોખા ખરીદવાનો કાર્યક્રમ લોકો માટે નથી, પરંતુ નિકાસ બજારને કબજે કરવા માટે છે.

---

### શનિવારે શેરબજાર લાઈવ ટ્રેડિંગ સેશન માટે ખુલ્યું

# સ્પેશિયલ ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં જોરદાર ઊછાળો

## સ્પેશિયલ ટ્રેડિંગમાં સેન્સેક્સ ૬૧ પોઈન્ટ વધીને ૭૩૮૦૬, નિફ્ટી ૪૦ પોઈન્ટ વધીને ૨૨૩૭૮ના સ્તરે બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

શનિવાર, ૨ માર્ચે શેરબજાર લાઈવ ટ્રેડિંગ સેશન માટે ખુલ્યું હતું. ટ્રેડિંગ દ્વારા, તે તપાસવામાં આવ્યું હતું કે શેરબજારની સિસ્ટમ કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે કેટલી તૈયાર છે. ખાસ ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં ઉછાળો, એલએન્ડટી અને ટાટા સ્ટીલ ચમક્યાં, એમએન્ડએમ અને એનટીપીસી ઘટ્યાં

શનિવારે સ્પેશિયલ ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં ખરીદીનું વાતાવરણ હતું અને નિફ્ટી ફરી એકવાર સર્વોચ્ચ સપાટીએ બંધ રહ્યો હતો. આજે નિફ્ટીએ ૨૨૪૬૨ ની ઊંચી સપાટી બનાવી છે, જ્યારે સેન્સેક્સે ૭૪૨૨૦ ની ઊંચી સપાટી બનાવી છે. સેન્સેક્સ અને નિફ્ટીની આજની શરૂઆત તેની ઊંચી સપાટી હતી. આજે બે ભાગમાં યોજાયેલા સ્પેશિયલ ટ્રેડિંગમાં સેન્સેક્સ ૬૧ પોઈન્ટ વધીને ૭૩૮૦૬ અને નિફ્ટી ૪૦ પોઈન્ટ વધીને ૨૨૩૭૮ના સ્તરે બંધ થયા છે. મેટલ, ફાર્મા,



બેંકિંગ, ઓટો, આઈટી, એફએમસીજી, ફાઈનાન્શિયલ સર્વિસિસ તમામ ઈન્ડેક્સ આજે લીલા નિશાનમાં રહ્યા હતા. સાધારણ હોય તો પણ દરેક સેક્ટરમાં ખરીદી જોવા મળી હતી. આજના બજારમાં ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, એલએન્ડટી, હીરો મોટો કોર્પ, અદાણી પોર્ટ જેવા શેરોમાં ઘણો ઉછાળો જોવા મળ્યો હતો. ટાટા સ્ટીલ ૩.૫૦ ટકા વધ્યો. મેટલ શેરોમાં શુક્રવારના ઉછાળા બાદ આજના ટ્રેડિંગ સેશનમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. જો કે આજના બજારમાં કેટલાક શેર એવા હતા જે લાલ નિશાનમાં બંધ થયા હતા. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, સન ફાર્મા જેવા શેરોમાં થોડી નબળાઈ જોવા મળી હતી. શનિવાર, ૨ માર્ચે શેરબજાર લાઈવ ટ્રેડિંગ સેશન માટે ખુલ્યું હતું. શેરબજારમાં ટ્રેડિંગ દ્વારા, તે તપાસવામાં આવ્યું હતું કે અમારી શેરબજાર સિસ્ટમ કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે કેટલી તૈયાર છે. સ્ટોક એક્સચેન્જો અને ડિપોઝિટરીઝ આપત્તિ પુનઃપ્રાપ્તિ સાઈટ્સમાંથી ઈન્ટ્રાડે સ્વિચ ઓવરની તૈયારીમાં વ્યવસાય સાતત્ય યોજનાઓ અને આપત્તિ પુનઃપ્રાપ્તિ સાઈટ્સ જેવા માળખાનો અમલ કરી રહ્યા છે.

કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા માટે પરીક્ષણની ચકાસણી કરવા માટે શનિવારે શેરબજારના વિશેષ ટ્રેડિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શેરબજારમાં શનિવારે બે સેશનમાં ટ્રેડિંગ થયું હતું.

---

### અબુધાબીના હિંદુ મંદિરને જનતા માટે ખુલ્લું મૂકાયું

## મંદિર માટે ડ્રેસ કોડ, ફોટોગ્રાફી, વીડિયોગ્રાફીના નિયમ જાહેર થયા

### ટી-શર્ટ, ટોપી અને ટાઈટ ફિટિંગ ડ્રેસ પહેરીને આવનાર લોકોને મંદિરમાં એન્ટ્રી આપવામાં આવશે નહીં

। (એજન્સી) અબુ ધાબી, તા.૨ ।

સંયુક્ત અરબ અમીરાત (યુએઈ) ના અબુ ધાબીના પહેલા હિંદુ મંદિરને શુક્રવારે સામાન્ય જનતા માટે ખોલી દેવામાં આવ્યુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૪ ફેબ્રુઆરીએ પથ્થરથી નિર્મિત અબુ ધાબીના આ પહેલા હિંદુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. મંદિર તંત્રએ પોતાની વેબસાઈટ પર મંદિરમાં આવતા ભક્તો અને શ્રદ્ધાળુઓ માટે દિશા-નિર્દેશ જારી કર્યા છે. જેમાં ડ્રેસ કોડથી લઈને ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીના નિયમ જણાવાયા છે.

મંદિરની વેબસાઈટ પર જણાવાયેલા દિશા-નિર્દેશો અનુસાર ટી-શર્ટ, ટોપી અને ટાઈટ ફિટિંગ ડ્રેસ પહેરીને આવનાર લોકોને મંદિરમાં એન્ટ્રી આપવામાં આવશે નહીં. ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યુ છે કે ટોપી, ટી-શર્ટ અને વાંધાજનક ડિઝાઈનવાળા અન્ય વસ્ત્રોની પરવાનગી નથી. જાળીદાર કે આરપાર દેખાતા અને ટાઈટ-ફિટિંગ વાળા વસ્ત્રો ન પહેરવા. ગાઈડલાઈનમાં મંદિરના આંગણામાં પાલતુ પશુઓને પણ પ્રવેશ ન આપવાની વાત કહેવામાં આવી છે. આ સિવાય મંદિર પરિસરમાં બહારનું ભોજન અને પીણાની પરવાનગી આપવામાં આવી નથી. સાથે જ મંદિર પરિસરની અંદર ડ્રોન કેમેરા કે ડ્રોન પર પ્રતિબંધ છે. ગાઈડલાઈન અનુસાર મંગળવારથી રવિવાર સુધી મંદિર સવારે ૯ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. દર સોમવારે મંદિર શ્રદ્ધાળુઓ માટે બંધ રહેશે. આ મંદિર દુબઈ-અબુ ધાબી શેખ જાયદ રાજમાર્ગ પર અલ રાહબાની પાસે ૨૭ એકર વિસ્તારમાં લગભગ ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યુ છે. મંદિર માટે જમીન યુએઈ સરકારે દાનમાં આપી દીધી છે. આ મંદિરનું નિર્માણ નાગર શૈલીમાં કરવામાં આવ્યુ છે. આ રીતે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યુ છે. મંદિરમાં સ્વયંસેવક ઉમેશ રાજા અનુસાર ૨૦ હજાર ટનથી વધુ ચૂનાનો પત્થરના ટુકડાને રાજસ્થાનમાં કોતરવામાં આવ્યા અને ૭૦૦ કન્ટેનરમાં અબુ ધાબી લાવવામાં આવ્યા. બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) એ ટ્વીટર પર કહ્યુ, રાહ જોવાનું પૂર્ણ થયુ. અબુ ધાબી મંદિરને હવે તમામ ભક્તો અને શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવ્યુ છે. જેમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મંદિર સોમવાર સિવાય તમામ દિવસે સવારે ૯થી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.

---

### વડાપ્રધાન મોદીના કાર્યક્રમ દરમિયાન ફરજમાં બેદરકારી

## ધનબાદના ડીસી વરુણ રંજનને પદ ઉપરથી હટાવી દેવાયા

। (એજન્સી) રાંચી, તા.૨ ।

ધનબાદમાં શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ દરમિયાન ફરજમાં બેદરકારીના કારણે સરકારે કાર્યવાહી કરતા ડીસી વરુણ રંજનને પદ પરથી હટાવી દેવાયા છે.

માધવી મિશ્રાને ધનબાદના નવા ડેપ્યુટી કમિશ્નર બનાવવામાં આવ્યા છે. વરુણ રંજનની ભૂલના કારણે ધનબાદમાં મુખ્યમંત્રી ચંપઈ સોરેન અને મુખ્ય સચિવ એલ ખ્યાંગ્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરી શક્યા નહોતા. સ્વાગત માટે જવાના સમયે જ એક વાહન ખરાબ થઈ ગયુ હતુ જ્યારે બીજા વાહનની ડીસી સમયસર વ્યવસ્થા કરાવી શક્યા નહીં. પીએમ અને સીએમના ગયા બાદ સાંજ થતા જ વરુણ રંજનની બદલીના આદેશ આવી ગયા. માધવી રાંચીમાં ઝારખંડ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં મેનેજિંગ ડિરેક્ટરના પદ પર હતા.

---

### છ માનસિક વિકલાંગ છોકરીઓના જાતીય શોષણનો કેસ

## લોકો તાંત્રિક-બાબાઓ પાસે જાય છે જે દુર્ભાગ્યપૂર્ણ બાબત : બોમ્બે હાઈકોર્ટ

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

બોમ્બે હાઈકોર્ટે છ માનસિક વિકલાંગ છોકરીઓની જાતીય શોષણ સંબંધિત કેસની સુનાવણી કરી હતી. કોર્ટે તાંત્રિક વિદ્યા અને પાખંડી બાબાઓની નિંદા કરતા કહ્યું કે, આજના સમયની દુર્ભાગ્યપૂર્ણ વાસ્તવિકતા છે કે લોકો પોતાની સમસ્યાઓના ઉકેલ માટે તાંત્રિક અને બાબાઓ પાસે જઈ રહ્યા છે.

જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ મંજુષા દેશપાંડેની બેન્ચે આ કેસમાં તાંત્રિક હોવાનો દાવો કરનાર ૪૫ વર્ષીય વ્યક્તિને આપવામાં આવેલી આજીવન કેદની સજાને યથાવત રાખી હતી. અહેવાલો અનુસાર, તાંત્રિક બાબા હોવાનો દાવો કરી એક વ્યક્તિએ છ માનસિક વિકલાંગ છોકરીઓની સારવાર કરવાના બહાને તેમનું જાતીય શોષણ કર્યું હતું. સાથે પીડિતાના માતા-પિતાનું પાસેથી સારવારની આડમાં ૧.૩૦ કરોડ રૂપિયા લીધા હતા. આ મામલામાં પહેલી એફઆઈઆર વર્ષ ૨૦૧૦માં નોંધવામાં આવી હતી. સેશન્સ કોર્ટે ૨૦૧૬માં આ વ્યક્તિને દોષિત ઠેરવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી.







# સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળી બિલ ગેટ્સ બોલ્યા, અદ્દભૂત ઇજનેરી કૌશલ્ય, સરદાર પટેલને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં થયેલા આદિવાસી વિકાસ, મહિલા સશક્તિકરણ અને આર્થિક વિકાસની સરાહના કરતા બિલ ગેટ્સ

। નર્મદા, તા.૨ ।

વિખ્યાત માઈક્રોસોફ્ટ કંપનીના સંસ્થાપક અને જાણીતા ફિલાન્સ્ટ્રોપિસ્ટ શ્રી બિલ ગેટ્સ ગુજરાતના મહેમાન બનવાની સાથે જ પ્રથમ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે પહોંચ્યા હતા. એન્જિનિયરિંગ માર્વલ એવા સરદાર પટેલ સાહેબની સૌથી ઉંચી પ્રતિમા અને સરદાર સરોવર નર્મદા ડેમ નિહાળી તેઓ અચંબિત થઈ ગયા હતા. મુલાકાત બાદ તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા આદિવાસી વિકાસ, મહિલા સશક્તિકરણ અને આર્થિક વિકાસની સરાહના કરી હતી. એકતાનગર ખાતે પહોંચેલા શ્રી બિલ ગેટ્સ હેલીપેડ ખાતે ઉતરી સીધા જ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પહોંચ્યા હતા. જ્યાં વોક વે પરથી તેમણે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા નીચે તસવીર ખેંચાવી હતી. બાદમાં તેઓએ સ્ટેચ્યુના પ્રદર્શન ખંડની મુલાકાત લીધી હતી. અહીં માર્ગદર્શકો દ્વારા શ્રી ગેટ્સને આ પ્રતિમાનું નિર્માણ કેવી રીતે કરવામાં આવ્યું ? વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી સમગ્ર દેશમાં કેવી રીતે ખેત ઓજારો એકત્ર કરવામાં આવ્યા તે સહિતની રસપ્રદ માહિતી પૂરી પાડી હતી.

આ ઉપરાંત આઝાદી બાદ દેશી રજવાડાઓના વિલીનીકરણમાં સરદાર સાહેબની ભૂમિકા અને તે બાદ એક ભારતના નિર્માણની ગાથા વર્ણવામાં આવી હતી. તે વિગતો શ્રી ગેટ્સને બહુ જ રસપ્રદ લાગી હતી. તત્પશ્ચાત તેઓ વ્યુઇંગ ગેલેરીમાં પહોંચ્યા હતા. ત્યાંથી તેમણે સરદાર સરોવર ડેમનો અદ્દભૂત નજારો નિહાળ્યો હતો. આ ડેમના નિર્માણથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને મળતા પાણી ઉપરાંત વિદ્યુત ઊર્જાના ઉત્પાદનની જાણકારી તેમને આપવામાં આવી હતી.

તેમણે મુલાકાત પોથીમાં નોંધ પણ કરી હતી. તેમણે નોંધ્યું હતું કે, અદ્દભૂત ઈજનેરી કૌશલ્ય ! બહુ જ સુંદર ! સરદાર પટેલને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ ! મહેમાનગતિ માટે આભાર ! આ સખાવતી મહેમાનની સૌથી રસપ્રદ મુલાકાત આરોગ્યવન ખાતેની બની રહી હતી. ત્યાં મહિલા સખી મંડળો દ્વારા ચલાવવામાં આવતા સ્ટોલની મુલાકાત લીધી હતી. અહીં વાંસ બનાવટ, આયુર્વેદિક દવાઓ, વનઉત્પાદનોના વેંચાણ થકી પગભર થયેલી મહિલાઓ સાથે તેમણે સંવાદ સાધ્યો હતો. આરોગ્યવન ખાતે સખી મંડળ દ્વારા ચલાવવામાં આવતા કાફેટેરિયામાં મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલા ગુજરાતી વ્યંજનો જેવા કે ખીચુ, ગોટા, થેપલા સહિત શ્રીઅન્નની વિવિધ વાનગીઓ પીરસવામાં આવી હતી.

ખાસ તો લાડુ તેમને વિશેષ પ્રિય લાગ્યા હતા. અહીં તેમણે પિક્ર ઓટોની મહિલા વાહનચાલકો સાથે પણ વાર્તાલાપ કર્યો હતો. આ વેળાએ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, એસએસએનએલના વહીવટી સંચાલક શ્રી મુકેશ પૂરી, એસઓયુના સીઈઓ શ્રી ઉદિત અગ્રવાલ, કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પન્નુ, અધિક કલેક્ટર શ્રી ગોપાલ બામણિયા અને શ્રી નારાયણ માધુ ઉપસ્થિત રહ્યા હતા.

# બિલ્કીશબાનું કેસમાં બે આરોપીના પેરોલ કોર્ટે ફગાવતા અરજી પરત ખેંચી લીધી

## બે કેદીઓએ નવચંડી યજ્ઞ અને વાસ્તુપૂજા માટે પેરોલની માંગણી કરી હતી, કોર્ટે સાફ શબ્દોમાં ઇનકાર કરી દીધો

।(એજન્સી) અમદાવાદ, તા.૨।

ચકચારી એવા બિલ્કીસ બાનુ કેસના આરોપી એવા બે સગા ભાઈઓને પેરોલ પર મુકત કરવાનો ગુજરાત હાઈકોર્ટે સાફ ઈક્રાર કરી દીધો હતો.જેને પગલે આરોપી મીતેશ ભટ્ટ અને શૈલેષ ભટ્ટને પોતાની અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી. જસ્ટિસ દિવ્યેશ જોષીએ બંને આરોપીઓની પેરોલ અરજી મંજૂર કરવાની સાફ ના પાડી દીધી હતી. આ કેસમાં હકીકત એવી છે કે, અગાઉ બિલ્કીસ બાનુ કેસના બે કેદીઓને પેરાલ મંજૂર કરતી રાહત આપી હતી. હાઈકોર્ટેમાંથી પેરોલની રાહત મળ્યા બાદ વધુ બે કેદીઓ મીતેશ ભટ્ટ અને શૈલેષ ભટ્ટે નવચંડી યજ્ઞ અને વાસ્તુપૂજા માટે પેરોલની માંગણી કરી હતી. જો કે, જસ્ટિસ દિવ્યેશ જોષીએ આ પ્રકારના કારણ માટે પેરોલ મંજૂર કરવાનો સાફ ઈક્રાર કરી દીધો હતો.ઉલ્લેખનીય છે કે,ગોધરાકાંડ બાદ વર્ષ ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણો દરમ્યાન બિલ્કીસ બાનુ પર સામૂહિક દુષ્કર્મ અને તેના પરિવારજનોની હત્યાના ચકચારભર્યા કેસમાં ૧૧ દોષિતોને ટ્રાયલ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. દરમિયાન જેલમાં તેઓની સારી વર્તણૂંક અને ૧૯૯૨ની નીતિ મુજબ, આ તમામ કેદીઓને ગુજરાત સરકારે સજા માફીનો લાભ આપ્યો હતો. તેની સામે બિલ્કીસ બાનુ તથા અન્યોએ સુપ્રીમકોર્ટમાં પિટિશન કરતાં સુપ્રીમકોર્ટે તમામ ૧૧ કેદીઓની સજા માફીનો નિર્ણય રદબાતલ ઠરાવ્યો હતો. તેઓને બે સપ્તાહમાં જેલ ઓથોરીટી સમક્ષ શરણાગતિ સ્વીકારવા હુકમ કર્યો હતો. જેને પગલે તમામ ૧૧ આરોપીઓએ ગત તા.૨૧-જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ફરીથી જેલમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી.

# ગાંધીનગર સરકારી ઇજનેરી કોલેજોમાં ૬૦% જગ્યાઓ ખાલી

## ૧૬ સરકારી ઇજનેરી કોલેજમાં વિવિધ સંવર્ગની ૬૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાને કબુલાત કરી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરી દરમિયાન ગુરૂવારે રાજ્યમાં વિવિધ ઈજનેરી સરકારી કોલેજોમાં જગ્યાઓ ખાલી જગ્યાઓને મુદ્દે કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય અમિત ચાવડાએ પ્રશ્ન પૂછ્યો હતો. તેના જવાબમાં શિક્ષણ મંત્રી જણાવ્યુ હતું કે, રાજ્યની ૧૬ સરકારી ઈજનેરી કોલેજમાં વિવિધ સંવર્ગની ૬૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાને કબુલાત કરી હતી. વર્ગ ૧,૨,૩,૪ માં અંદાજે ૬૦% જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં વર્ગ ૧ની કુલ ૫૩૪ જગ્યાઓ સામે ૩૧૬ જગ્યાઓ ખાલી, વર્ગ ૨ ની ૧૪૬૯ જગ્યાઓ સામે ૧૯૩ જગ્યાઓ ખાલી, વર્ગ ૩ ની ૪૭૫ જગ્યાઓ સામે ૩૦૦ જગ્યાઓ ખાલી, વર્ગ ૪ ની મંજૂર જગ્યાઓ પૈકી ૨૬૦ માંથી ૨૦૧ જગ્યાઓ વહીવટી કારણોસર જગ્યાઓ ખાલી હોવાનું રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે. રાજ્યમાં હાલ કુલ ૧૬ સરકારી ઈજનેરી કોલેજ કાર્યરત.

રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વિવિધ સ્થળો ખાતે ૧૬ સરકારી ઈજનેરી કોલેજો કાર્યરત છે.ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ માટે રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપકોની વર્ગ-૧માં ૨૧૮, વર્ગ-૨માં ૧૨૭૪, વર્ગ-૩માં ૧૭૫ અને વર્ગ-૪માં ૫૯ જગ્યાઓ ભરવામાં આવેલી છે. જ્યારે બાકીની ખાલી જગ્યાઓ પણ સત્વરે ભરવાનું આયોજન છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એમ.બીએ અને એમસીએની બેઠકોનો મુદ્દો ચર્ચાયો હતો.જેમાસરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં એમબીએ અભ્યાસક્રમ માટેની ૧૬૩૧૦ બેઠકો છે. સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં એમસીએ અભ્યાસક્રમ માટેની ૭૪૮૧ બેઠકો છે. ૨૦૨૨ માં એમબીએ ની ૧૧૧૯૪ બેઠકો ભરાઈ ૪૨૭૦ બેઠક ખાલી,૨૦૨૩ માં એમબીએ ની ૧૧૬૩૫ બેઠકો ભરાઈ ૪૬૭૫ બેઠક ખાલી છે.

# SVPI એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય મુસાફરો અને કાર્ગો વોલ્યુમમાં વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાન્યુઆરી ૨૦૨૪માં મુસાફરોની અવરજવરમાં ૨૦૨૩ની સરખામણીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪, ફિલ્મફેર એવોર્ડ્સ અને ઉત્તરાયણ જેવા વિવિધ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ્સ અને તહેવારોના કારણે આંતરરાષ્ટ્રીય મુસાફરોની ગતિવિધીઓમાં વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં અમદાવાદ એરપોર્ટ પરથી કુલ, ૧૯૯ આંતરરાષ્ટ્રીય મુસાફરોએ મુસાફરી કરી હતી. આ આંક ગયા વર્ષની તુલનામાં ૨૫% વધારો નોધાયો છે. આ અંગે હકીકત એવી છે કે, એરપોર્ટ પર માત્ર મુસાફરોની સંખ્યામાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય એરક્રાફ્ટ ટ્રાફિક મૂવમેન્ટ (ATMs)માં પણ ૪૧% નો ઉછાળો જોવા મળ્યો છે. આંકડાકીય રીતે જોઈએ તો, ગત જાન્યુઆરી ૨૦૨૩માં ૧,૦૦૮ થી વધીને જાન્યુઆરી ૨૦૨૪ માં ૧,૪૨૦ થઈ છે.

તેમજ આંતરરાષ્ટ્રીય કાર્ગોએ પણ ગતિ પકડી છે. ડેડિકેટેડ કાર્ગો ટર્મિનલ (T3) સાથે અમદાવાદ એરપોર્ટ જાન્યુઆરી ૨૦૨૪માં કુલ ૪,૨૫૧ MT કાર્ગો હેન્ડલ કરવામાં સક્ષમ રહ્યું છે. ગત વર્ષે આ મહિનામાં હેન્ડલ કરવામાં આવેલા કાર્ગો કરતાં ૨૦% વધુ નોંધાયું છે. ચાલુ વર્ષે SVPI એરપોર્ટે કુલ ૩૮,૨૧૮ MT આંતરરાષ્ટ્રીય કાર્ગોનું સંચાલન કર્યુ હતું.

# અમરેલીમાં વધુ એક સોલાર પ્રોજેક્ટ સામે વિરોધનો વંટોળ જોવા મળ્યો

। (એજન્સી) અમરેલી, તા.૨ ।

અમરેલી જિલ્લામાં વધુ એક સોલાર પ્રોજેક્ટ સામે વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. સાવરકુંડલાના મોટા જીંજુડા ગામે ચાલતા સોલાર પ્રોજેક્ટ સામે કાર્યવાહી કરવા ખેડૂતો અને વિરજી ઠુમ્મર જિલ્લા કલેકટર કચેરીએ પહોંચ્યા હતા અને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. સરકારી જમીન પર દબાણ કરી સોલાર પેનલો ઊભી કરી બિનખેતી થયા વગર ગેરકાયદેસર રીતે પ્રોજેક્ટ ચાલતો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારી જમીન પર સોલારની પેનલો ગેરકાયદેસર ઊભી કરી દેવામાં આવી છે. ભૂતકાળમાં તમામ સ્તરેથી કંપની સામે યોગ્ય કાર્યવાહી થાય તે બાબતે રજુઆત કરાઈ છે. સાવરકુંડલા નાયબ કલેકટર સહિતના અધિકારી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

# અમદાવાદમાં આધેડ પાસે થી ૪૨ હજાર રૂપિયાની ચોરી થઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ભાઈના ઓપરેશનમાં રૂપિયાની મદદ કરવા ૪૨ રૂપિયા લઈને અમદાવાદ આવેલા આધેડને કડવો અનુભવ થયો છે. રિક્ષા ચાલક અને તેની ગેંગએ કરામત કરીને આધેડ પાસે થી ૪૨ હજાર રૂપિયા ચોરી લીધા છે. આધેડ તેમના વેવાઈ સાથે શટલ રિક્ષામાં બેઠા હતા, જ્યા પેસેન્જરોના સ્વાંગમાં બેઠેલા ગઠીયાઓએ સરખુ બેસતા ફાવતુ નથી કહીને ૪૨ હજાર રૂપિયાની ચોરી કરીને નાસી ગયા હતા. પાટણ જીલ્લાના હારીજ તાલુકામાં રહેતા દેવાભાઈ રાવળે માધવપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા રીક્ષા ચાલક વિરૂદ્ધ ૪૨ હજાર રૂપિયાની ચોરીની ફરિયાદ કરી છે. દેવાભાઇ તેમના પરિવાર સાથે સંયુક્ત પરિવારમાં રહે છે અને છુટક મજુરીને કરીને પોતાનું તેમજ પરિવારનું ગુજરાન ચલાવે છે.

**વિશેષ** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠક સંપન્ન થઈ

# પા પા પગલી પ્રોજેક્ટ' અંતર્ગત "શિક્ષણની વાત, વાલીઓ સાથે સંવાદોત્સવ કાર્યક્રમ" લુણાવાડા ખાતે યોજાયો

। (માહિતી બ્યૂરો) મહીસાગર ।

મહીસાગર જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પુર્વ પ્રાથમિક શિક્ષણ પ્રોજેક્ટ "પા પા પગલી" અંતર્ગત આંગણવાડીના ૩-૬ વર્ષના બાળકોના વિકાસને ધ્યાને રાખી "શિક્ષણની વાત, વાલિઓ સાથેનો સંવાદોત્સવ" રૂપે ભુલકા મેળા કાર્યક્રમનું આયોજન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં લુણાવાડા રાજપૂત સમાજ વાડી ખાતે કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા પા પા પગલી યોજના થકી આંગણવાડીમાં આવતા બાળકોના જીવનમાં મહત્વના વર્ષોમાં ગુણવત્તા પૂર્ણ જીવન માટેનો મજબૂત પાયો નંખાય અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે.આંગણવાડીમાં કાર્યકર અને તેડાગર બહેનો માતા યશોદા બની બાળકોનો માનસિક, સામાજિક અને સર્જનાત્મક વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરી બાળકોના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે.

બાળકોની આંતરિક શક્તિઓને ખીલવવા માટે આંગણવાડીની બહેનોનો વિશેષ ફાળો રહેલો છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે વાલી સાથેનો સંવાદોત્સવ ખૂબ જરૂરી બની જાય છે, તેમ તેમણે જણાવ્યું હતું. પા પા પગલી એટલે કે, બાળક ધીરે ધીરે ચાલતા શીખે છે, બાળક પ્રાથમિક શાળામાં જતા પહેલા આંગણવાડીમા રમતા રમતા શિક્ષણ મેળવે છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા અનેક યોજના બાળકો તેમજ માતાઓ માટે લાગુ કરવામાં આવી છે. આજે મોડેલ રૂપ આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ત્યારે બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે બાળકોને આંગણવાડીમા મોકલાવવા માટે ઉપસ્થિત વાલીઓને અનુરોધ કર્યો હતો. બાળકોની આંતરિક શક્તિઓને ખીલવવા માટે આંગણવાડીની બહેનોનો વિશેષ ફાળો રહેલો છે. ૬ વર્ષેની વય જુથના બાળકના મગજનો ૮૫ % વિકાસ નાનીવયમા જ થઈ જતો હોય છે.

બાળક કુમળી વયનું હોય ત્યારે બાળકો ઉપર ખાસ ધ્યાન આપી બાળકો શિક્ષણ માટે પ્રેરાય તે માટે ધ્યાન રાખવા વાલીઓને આગ્રહ કર્યો હતો. સરકાર દ્વારા બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે ત્યારે સરકારની તમામ યોજનાઓનો લાભ લેવા, બાળકોને નિયમિત શાળામાં જવા માટે વાલીઓને કાળજી રાખવા જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં વાલીઓ સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. આંગણવાડી બાળકોના વાલીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. ટી.એલ.એમ દ્વારા ટીચિંગ લર્નિંગ મોડ્યુલ સ્ટોલનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ.

લો કોસ્ટ ટીએલએમમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મુખ્ય સેવિકા, આંગણવાડી બહેનો અને પ્રિ સ્કુલ ઈન્સ્ટ્રકટરને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમા બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી મંજુલાબેન કટારા, જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારીશ્રી અવનીબા મોરી, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી પંકજ પટેલ, આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી દક્ષાબેન તબીયાર, સીડીપીઓ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને ભુલકાઓ હાજર રહ્યા હતા.

### બગ્ગીમાં આવ્યા અનંત-રાધિકા

# મુકેશ અંબાણીની ભાવુક સ્પીચે બનાવ્યો માહોલ

## કાર્યક્રમના સ્થળેથી અંબાણી પરિવાર અને અન્ય મહેમાનોની ખૂબ જ સુંદર તસવીરો બહાર આવી રહી છે



। (એજન્સી) જામનગર, તા.૨ ।

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેરેમની જેમ-જેમ આગળ વધી રહી છે તેમ તેમ લોકોને એ જાણવાની ઉત્સુકતા હશે કે આ પાર્ટી દરમિયાન શું થઈ રહ્યું છે. જામનગરમાં ૩ દિવસની પાર્ટીનો પ્રારંભ થયો છે. આ કાર્યક્રમમાં ભારત અને દુનિયાભરના બિઝનેસ, પોલિટિક્સ, એન્ટરટેઈનમેન્ટ અને સ્પોર્ટ્સ જગતના મોટા મોટા નામો ભાગ લઈ રહ્યા છે. અનંત અંબાણી અને તેમની થનારી પત્ની રાધિકા મર્ચન્ટ બગીમાં સવાર થઈને કાર્યક્રમના સ્થળે પહોંચી ગયા હતા. પાર્ટીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને ''અતિથિ દેવો ભવ'' પરંપરા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના સ્થળેથી અંબાણી પરિવાર અને અન્ય મહેમાનોની ખૂબ જ સુંદર તસવીરો બહાર આવી રહી છે. મુકેશ અંબાણીએ સૌનું સ્વાગત કરતા કહ્યું કે, ''અમારા આદરણીય મિત્રો અને પરિવાર, તમને દરેકને નમસ્તે અને ગુડ ઈવનિંગ. ભારતીય પરંપરામાં, અમે મહેમાનોને આદરપૂર્વક મહેમાન કહીએ છીએ. 'અતિથિ દેવો ભવ'. એનો અર્થ એ થયો કે મહેમાનો ભગવાન જેવા હોય છે. મુકેશ અંબાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ''જ્યારે મેં નમસ્તે કહ્યું હતું, ત્યારે તેનો અર્થ એ થયો કે મારામાં રહેલા ભગવાન તમારામાં રહેલા ભગવાનનો સ્વીકાર કરીને ખુશ છે. તમે બધાંએ આ લગ્નનો મહિનો શુભ બનાવી દીધો છે. આભાર! તમારો ખૂબ ખૂબ આભાર! જામનગરના રિલાયન્સ ગ્રીન્સ સંકુલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, બોલીવૂડના સુપરસ્ટાર શાહરૂખ ખાન, દીપિકા પદુકોણ અને રણબીર કપૂર સહિત ૨૦૦૦ મહેમાનો ઉપસ્થિત રહેશે. અમેરિકન સિંગર જય બ્રાઉન અને લોકપ્રિય રેપર નિકી મિનાજના મ્યુઝિક ડાયરેક્ટર એડમ બ્લેકસ્ટોન પણ પ્રિ-વેડિંગ પાર્ટીમાં સામેલ થવા પહોંચ્યા હતા. આ ઉપરાંત પોપ સિંગર રેહાના પણ આ સેરેમનીમાં હાજરી આપતી જોવા મળી હતી.







### મહેન્દ્ર સિંહ ધોની અને સાક્ષીનો પ્રી-વેડિંગમાં જલવો

આ વર્ષના સૌથી ચર્ચિત લગ્નમાં વિશ્વભરમાંથી મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને ઉદ્યોગપતિ વિરેન મર્ચન્ટ અને તેમની પત્ની શૈલા મર્ચન્ટની પુત્રી રાધિકા મર્ચન્ટના લગ્ન આ વર્ષે જુલાઈમાં થશે. આ પહેલા બધાની નજર પ્રી-વેડિંગ કાર્યક્રમ પર છે. ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની પણ દુનિયાભરના આમંત્રિત મહેમાનોમાં સામેલ છે. હાલમાં ગુજરાતના જામનગરમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગમાં ઘણી મોટી હસ્તીઓ હાજરી આપી રહી છે. આ ત્રણ દિવસનો કાર્યક્રમ શુક્રવાર, ૧ માર્ચથી શરૂ થયો હતો. પ્રથમ દિવસે વિશ્વભરમાંથી મોટા ચહેરાઓ ભાગ લેવા આવ્યા હતા. ભારતીય ક્રિકેટમાં પોતાનું નામ બનાવનાર મહેન્દ્ર સિંહ ધોની પણ આ પ્રી-વેડિંગ સેરેમનીમાં હાજરી આપવા આવ્યો હતો. સામાન્ય રીતે પબ્લિક ફંક્શનમાં ભાગ્યે જ જોવા મળતો માહી તેની પત્ની સાક્ષી અને દીકરી ઝીવા સાથે પહોંચ્યો હતો. પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને સાક્ષી, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેરેમનીના પહેલા દિવસે બ્લેક આઉટ ફિટમાં જોવા મળ્યા હતા. માહી વ્હાઇટ શર્ટ અને બ્લેક ગ્લેઝિંગ બ્લેઝરમાં જોવા મળ્યો હતો. મહેન્દ્ર સિંહ ધોની બ્લેક બોમાં જોવા મળ્યો હતો. પૂર્વ કેપ્ટનની પત્ની પણ બ્લેક ડ્રેસમાં જોવા મળી હતી. આ કપલને સુપર કૂલ માનવામાં આવે છે અને તેમની ડ્રેસિંગ સેન્સ તેમને વધુ આકર્ષક બનાવે છે.

### વાઇબ્રન્ટ બિઝકોમ લિમિટેડ દ્વારા

# લોથલ અને ધોલેરા પ્રોજેક્ટ્સ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના મેગા જાહેરાત કરાઈ

## ગુજરાતનું પ્રાચિન 'સ્માર્ટ પોર્ટ સિટી' લોથલ હવે લોકો પ્રિ-વિડિંગ માટે પસંદ કરી રહ્યા છે



લોથલ હડપ્પા સભ્યતાનાં સૌથી વિકસિત નગરોમાંથી એક હતું, જે વેપારીમથક અને બંદર શહેર હતું જ્યારે તેને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નૉમિનેટ કરવામાં આવ્યું છે, તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવાના ભારત સરકારના પ્રયાસ ચાલુ છે. ત્યારે આ પ્રાચિન સ્માર્ટ પોર્ટ સિટી લોથલને વિકાસીત કરવા માટે

રિયલ એસ્ટેટ સેક્ટરમાં સૌથી ઝડપથી વિકસતી પબ્લિક લિમિટેડ કંપની વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડ કે જે ભવિષ્યના સ્થળો અને લોકેશન્સમાં વિશાળ જમીનો અને લેન્ડ બેંક ધરાવે છે અને આ સાથે સાથે રિયલ એસ્ટેટ સેક્ટરમાં ૨ દાયકાથી વધુની કુશળતા ધરાવે છે, તેમની સફળતા દિવસ ની ઉજવણીમાં તેમના કન્સલ્ટન્ટ્સ, બિઝનેસ પાર્ટનર્સ, ગેસ્ટ સ્પીકર્સ અને ટીમના સભ્યો સાથે ભવ્ય રીતે કરી રહ્યા છે.

વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડના સ્થાપક અને મૅનેજિંગ ડિરેક્ટર કૌશલ શાહ જણાવે છે કે,'' જમીન એ દરેક ભારતીય માટે એક મહત્વની સંપત્તિ છે અને R-SIP ની ક્રાંતિકારી યોજના જે રિયલ એસ્ટેટની તકોમાં રોકાણ કરવા માટેની એક વ્યવસ્થિત માસિક યોજના છે એમને રજૂ કરવા ઉપરાંત, અમે અમારા રોકાણકારો અને વ્યવસાયિક ભાગીદારોને માર્ગદર્શન આપીને ગુજરાતની પ્રગતિ અને પ્રવાસનને વધારવામાં પણ મદદ કરી રહ્યા છીએ. રાજ્યના ભાવિ સ્થાનો જેમાં વિશાળ સંભાવનાઓ છે અમે તેમને તે સ્થળોએ રોકાણ કરવા માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન આપીયે છીએ.''

સહ સ્થાપક પંકિન પરીખે કહ્યું કે, ''અમે આજે અમારા રોકાણકારોને લોથલ અને ધોલેરા જેવા દેશના સૌથી ભાવિ રોકાણ સ્થળોમાંના એકમાં રિયલ એસ્ટેટ ડ્રીમ્સ તરફ ઈન્વેસ્ટમેન્ટસ કરવા માટે માર્ગદર્શન આપી રહ્યા છીએ. તાજેતરના પોતાના ઈન્ટરવ્યુમાં અમારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી.એ પણ આ વિસ્તારોને હેરિટેજના સ્થાનો તેમજ ફ્યુચરિસ્ટિક સિટીના સ્થળો તરીકે વિકસાવવા માટે તેમની પ્રતિબદ્ધતા દર્શાવી છે અને સાથે સાથે આ વિસ્તારોમાં વૃદ્ધિ અને વિકાસ માટે સરકારી રોકાણની જાહેરાતો પણ કર્યા છે. આજ સુધી અમે અમારા ફ્યુચરિસ્ટિક લોકેશન્સમાં ૧૧ પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે, ૩ સાઈટ્સ પર સંપૂર્ણ ઉર્જા સાથે કામ ચાલુ છે અને અમારા સક્સેસ દિવસ ની ઉજવણી બેઠકમાં અમે ફાર્મ સ્ટે અને વીકએન્ડ શાસ્ત્ર જેવા કેટલાક વધુ ક્રાંતિકારી વિચારોની જાહેરાત કરવા જઈ રહ્યા છીએ.''

નીરવ શાહે વીકએન્ડ શાસ્ત્ર વિશે તેમના વિચારો વ્યક્ત કર્યા, સમીર કંધારે એ કેવી રીતે રિયલ એસ્ટેટમાં રોકાણ કરવું એ પણ વ્યવસાય માટેની અદભુત તક છે તે વિશે વાત કરી, દક્ષેશ રાવલે જણાવ્યું કે કેવી રીતે ભવિષ્યના આ નવા સ્થળો પ્રી વેડિંગ શૂટ અને મેરેજ ડેસ્ટિનેશન માટે શ્રેષ્ઠ સ્થાનો છે અને બ્રાન્ડ એક્સપર્ટ શ્રી પલ્લવ શાહે બ્રાન્ડ વેલ્યુના મહત્વ વિશે વાત કરી હતી.

રિયલ એસ્ટેટના આટલા વર્ષોના અનુભવોમાં, વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડે સમગ્ર ગુજરાત, ભારત અને હવે તો આંતરરાષ્ટ્રીય સ્તરે જેમ કે ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, અમેરિકા અને અન્ય ઘણા દેશોમાં પોતાના ઈન્વેસ્ટર્સ સાથે તેના ગૌરવપૂર્ણ પદચિહ્નોનો વિસ્તાર કર્યો છે.

### પ્રથમ યાદીમાં ભાજપે કુલ ૧૯૫ ઉમેદવારો જાહેર કર્યા

# ભારતીય જનતા પાર્ટીએ તેના ઉમેદવારોની યાદી જાહેર કરી

## ભાજપની પ્રથમ યાદી પ્રમાણે નરેન્દ્ર મોદી વારાણસીથી ચૂંટણી લડશે : અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે આખરે ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પ્રથમ યાદીમાં ભાજપે કુલ ૧૯૫ ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપની જાહેરાત પ્રમાણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાણસીથી ચૂંટણી લડશે. તો ગૃહ મંત્રી અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી મેદાનમાં ઉતરશે.

ભારતીય જનતા પાર્ટીએ પ્રથમ યાદીમાં કુલ ૧૯૫ ઉમેદવારોની જાહેરાત કરી છે. ભાજપે ૧૬ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોની કુલ ૧૯૫ સીટો પર ભાજપે ઉમેદવારો જાહેર કર્યા છે. ૩૪ કેન્દ્રીય મંત્રી અને રાજ્યમંત્રીઓના નામ આ લિસ્ટમાં છે. ભાજપની યાદીમાં બે પૂર્વ મુખ્યમંત્રીઓના નામ પણ સામેલ છે. ભાજપે પ્રથમ યાદીમાં ૨૮ મહિલાઓને ટિકિટ આપી છે. જ્યારે ૪૭ ઉમેદવારો ૫૦થી ઓછી ઉંમરના છે. ભાજપની પ્રથમ યાદીમાં ગુજરાતના ૧૫ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે.ભાજપની પ્રથમ યાદી પ્રમાણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાણસીથી ચૂંટણી લડશે. ત્યારબાદ અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડશે.

### ભાજપની પ્રથમ યાદીમાં કોને મળી ટિકિટ?

ગાંધીનગર - અમિત શાહ
ચાંદની ચોક (દિલ્હી) - પ્રવીણ ખંડેવાલ
ઉત્તર પૂર્વ દિલ્હી - મનોજ તિવારી
નવી દિલ્હી - વાંસળી સ્વરાજ
દક્ષિણ દિલ્હી - રામવીર સિંહ
પશ્ચિમ દિલ્હી - કમલજીત સેહરાવત
ગુણ - જ્યોતિરાદિત્ય સિંધિયા
વિદિશા - શિવરાજ સિંહ ચૌહાણ
ભોપાલ - આલોક શર્મા
ખજુરોહ - બીડી શર્મા
મંડલા - ફગ્ગન સિંહ
બિકાનેર - અર્જુન મેઘવાલ
અલવર - ભૂપેન્દ્ર યાદવ
સીપી જોશી- ચિત્તૌરગઢ
કોટા- ઓમ બિરલા
ઝાલાવાડ- દુષ્યંત સિંહ
જોધપુર- ગજેન્દ્ર શેખાવત
ઉધમપુર - જિતેન્દ્ર સિંહ
જમ્મુ - જુગલ કિશોર શર્મા
આંદામાન - વિષ્ણુ પદરે
અરુણાચલ પશ્ચિમ - કિરણ રિજિજુ
અરુણાચલ પૂર્વ- તાપીર ગામ
સિલચર - પરિમલ
મંગલદોઈ - દિલીપ સેકિયા
સુરગુજા - ચિંતામણિ મહારાજ
તિરુવનંતપુરમ - રાજીવ ચંદ્રશેખર

### ગુજરાતની લોકસભાની ૧૫ સીટો ના ઉમેદવારોની જાહેરાત

કચ્છ - વિનોદ ચાવડા
બનાસકાંઠા-રેખાબેન ચૌધરી
પાટણ - ભરતસિંહ ડાભી
ગાંધીનગર - અમિત શાહ
અમદાવાદ - પશ્ચિમ દિનેશ મકવાણા
રાજકોટ - પુરુષોત્તમ રૂપાલા
પોરબંદર - મનસુખ માંડવીયા
જામનગર - પૂનમબેન માડમ
આણંદ - મિતેશભાઈ પટેલ
ખેડા - દેવુસિંહ ચૌહાણ
પંચમહાલ - રાજપાલ સિંહ જાદવ
દાહોદ જશવંતસિંહ ભાભોર
ભરૂચ મનસુખ વસાવા
બારડોલી પ્રભુભાઈ વસાવા
નવસારી સી આર પાટીલ★

ભાજપના ઉમેદવારોની પ્રથમ યાદીમાં એસસીમાંથી ૨૭, એસટીમાંથી ૧૮ અને ઓબીસીમાંથી ૫૭ ઉમેદવારો છે. જેમાં યુપીમાંથી ૫૧, બંગાળમાંથી ૨૦, એમપીમાંથી ૨૪, ગુજરાતમાંથી ૧૫, રાજસ્થાનમાંથી ૧૫, કેરળમાંથી ૧૨, તેલંગાણામાંથી ૯, આસામમાંથી ૧૧, ઝારખંડમાંથી ૧૧, છત્તીસગઢમાંથી ૧૧ ઉમેદવારોને ટિકિટ મળી છે. દિલ્હીની ૫, જમ્મુ અને કાશ્મીરની ૨, ઉત્તરાખંડની ૩, ગોવાની ૧, ત્રિપુરાની ૧, આંદામાન અને નિકોબારની ૧ અને દમણ દીવની ૧ બેઠક માટે નામોની જાહેરાત કરવામાં આવી છે.



બિહારના ઔરંગાબાદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ હાજર રહ્યા હતાં.

# કેન્દ્રએ પોસ્ટલ બેલેટની વય મર્યાદા ૮૦થી વધારીને હવે ૮૫ વર્ષ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

હવે મતદાન કેન્દ્રો પર પહેલા કરતા વધુ વૃદ્ધોની લાઈન જોવા મળી શકે છે. કેન્દ્ર સરકારે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટેની વય મર્યાદા ૮૦ થી વધારીને ૮૫ વર્ષ કરી દીધી છે. એનો અર્થ એ કે હવે ૮૫ વર્ષથી ઓછી ઉંમરના વૃદ્ધોએ મતદાન કરવા માટે ફરજિયાતપણે મતદાન કેન્દ્રો પર જવું પડશે. આ અગાઉ ૮૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને પોસ્ટલ બેલેટની સુવિધા મળી હતી. કેન્દ્ર સરકારે ચૂંટણી પંચ સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ શુક્રવારે ચૂંટણી સંચાલન નિયમો (૧૯૬૧)માં સુધારો કર્યો હતો. ચૂંટણીપંચે છેલ્લી ૧૧ વિધાનસભા ચૂંટણીમાં વૃદ્ધોની વોટિંગ પેટર્નને ધ્યાનમાં રાખી આ ફેરફાર કર્યો છે. આ ચૂંટણીઓમાં ૮૦ વર્ષથી ઉપરના ૯૭ થી ૯૮% વૃદ્ધોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાને બદલે મતદાન કેન્દ્રો પર જઈને મતદાન કરવાનું પસંદ કર્યું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે ૨૦૨૦માં કરવામાં આવેલી આ જોગવાઈમાં સુધારો કર્યો છે. ચૂંટણી સંચાલન નિયમોના નિયમ ૨૭એ પ્રમાણે ૮૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, વિકલાંગ વ્યક્તિઓ, ચૂંટણી ડ્યૂટી પર તૈનાત કર્મચારીઓ અને સેનાના કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટની સુવિધા આપવામાં આવી છે. ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોરોના સંક્રમિત વ્યક્તિઓને પણ મહામારી દરમિયાન આ સુવિધા આપવામાં આવી હતી. મત ગણતરી દરમિયાન સામાન્ય રીતે સૌથી પહેલા પોસ્ટલ બેલેટની જ ગણતરી કરવામાં આવે છે. ત્યારબાદ ઈવીએમમાં નોંધાયેલા મતોની ગણતરી કરવામાં આવે છે. પોસ્ટલ બેલેટની સંખ્યા ઓછી છે અને તે પેપર વાળા મતપત્ર હોય છે તેથી તેની ગણતરી પણ સરળતાથી થઈ જાય છે. ચૂંટણી પંચે ૧૧ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી જ્યાં તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી.

# તમાકુના વેપારીને ત્યાંથી કરોડોની પાંચ મોંઘી ઘડિયાળ મળી આવી

## આ પાંચ ઘડિયાળોની ટોટલ વેલ્યુ કઢાવવા વેલ્યુઅરને બોલાવાયા છે, જેનો રિપોર્ટ થોડા દિવસો બાદ આવશે

। (એજન્સી) કાનપુર, તા.૨ ।

આવકવેરા વિભાગે ઉત્તરપ્રદેશના કાનપુરની એક તમાકુ કંપનીમાં દરોડા પાડ્યા હતા, જે આજે ત્રીજા દિવસે પણ ચાલુ છે. બંશીધર તમાકુ ગ્રુપ કંપનીના માલિક કે.કે.મિશ્રાના નિવાસ્થાને આવકવેરા વિભાગના દરોડા ચાલુ છે. આ દરોડા દરમિયાન હિરા જડેલી ઘડિયાળો, લકઝરી કાર, રોકડા તેમજ ઘરેણા મળી આવ્યા હતા. હાલ આવકવેરા વિભાગની ટીમ ગ્રુપના માલિકની પૂછપરછ કરી રહી છે. અગાઉ આવકવેરા વિભાગના અધિકારીઓને બીજા દિવસે બંશીધર તમાકુ કંપનીના માલિક કે.કે મિશ્રાના નિવાસ્થાને દરોડા દરમિયાન કોરોડોની કિંમતની પાંચ મોંઘી ઘડિયાળો મળી આવી હતી, જેમાં આશરે રૂ. ૨.૫ કરોડની કિંમતની હીરા જડેલી ઘડિયાળનો પણ સમાવેશ થાય છે. આ પાંચ ઘડિયાળોની ટોટલ વેલ્યુ કઢાવવા માટે વેલ્યુઅરને બોલાવવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ થોડા દિવસો બાદ આવશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આવકવેરા વિભાગની ટીમ મિશ્રાની પૂછપરછ કરી રહી છે. આવકવેરા અધિકારીઓએ કંપનીના માલિકને સવાલો કર્યા હતા કે જો કંપનીનું ટર્નઓવર માત્ર ૨૦-૨૫ કરોડ છે તો પછી ૬૦-૭૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની કાર તમારા ઘરમાં કેવી રીતે આવી? જો કે મિશ્રા પોતાની તબિયત ખરાબ હોવાનું કારણ આપીને અધિકારીઓના સવાલોના જવાબ આપવાનું ટાળી રહ્યા છે. નોંધનીય છે કે કંપનીએ કોઈપણ દસ્તાવેજો વગર જ પાન મસાલાના મોટા ગ્રુપને માલ વેચ્યો હતો. એટલે કે, કોઈપણ કાગળની કાર્યવાહી પૂર્ણ કર્યા વિના, પાન મસાલા ગ્રુપે આ કંપની પાસેથી માલ ખરીદ્યો હતો, જેના આધારે આવકવેરા વિભાગ મોટા પાન મસાલા જૂથ સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે જેણે આ કંપની પાસેથી સામાન ખરીદ્યો હતો. આવકવેરા વિભાગના અધિકારીઓએ અત્યાર સુધીની કાર્યવાહીમાં ૪.૩૦ કરોડ રૂપિયા રોકડા અને ૨.૫ થી ૩ કરોડ રૂપિયાની કિંમતના ઘરેણા જપ્ત કર્યા છે. આ ઉપરાંત મોંઘી કારની ખરીદી પાછળ કોઈ પૈસા કમાયા છે કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે.

## તંત્રી લેખ...

# વિદેશમાં ભારતીય સ્ટુડન્ટ માટે પસંદગી બદલાઈ રહી છે

ભારતીય સ્ટુડન્ટ માટે સૌથી ફેવરિટ દેશો પૈકી કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં ચિત્ર ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. આ બે દેશોમાં આગામી સમયમાં સ્ટુડન્ટ વિઝા મંજૂર થવાનો દર ઘટે અને વિઝા રિજેક્શનનો દર વધે તેવી શક્યતા છે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા જે પ્રકારની નીતિ અપનાવી રહ્યા છે તેમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટની સંખ્યા પર મર્યાદા લાગુ થશે. ખાસ કરીને કેનેડાએ વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર લિમિટ મૂકી છે. તેના કારણે સંભવિત વિદ્યાર્થીઓ અહીં અરજી કરવાનું ટાળે છે. કેનેડાએ જે નિર્ણય લીધો તેની મોટી અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડશે કારણ કે ભારતીય સ્ટુડન્ટ્સમાં કેનેડા એક ફેવરિટ દેશ છે. અત્યાર સુધી કેનેડા ઓપન પોલિસી માટે જાણીતું હતું. પરંતુ હવે મકાનોની અછત અને વધતી મોંઘવારીના કારણે કેનેડાએ એક નેગેટિવ નિર્ણય લીધો છે. કેનેડા ઈમિગ્રેશન એન્ટ સિટિઝનશિપના અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૨૪માં સ્ટડી પરમિટમાં ૩૪ ટકા ઘટાડો શક્ય છે. તેના કારણે કદાચ કેનેડા ફોરેન એજ્યુકેશન માટે પસંદગીના દેશોના લિસ્ટમાંથી જ નીકળી જશે. આ કારણથી ઘણા ભારતીયો હવે જર્મની, ફ્રાન્સ, આયર્લેન્ડ, દુબઈ, માલ્ટા, સ્પેન, સિંગાપોર અને ન્યૂઝિલેન્ડ જવાનું પસંદ કરી શકે છે. તેમાં પણ જર્મની અને ફ્રાન્સે તો ભારતીય વિદ્યાર્થીઓને આકર્ષવા માટે સ્પેશિયલ જાહેરાતો પણ કરી છે. યુવાનો માત્ર વિદેશમાં એજ્યુકેશન નહીં પરંતુ પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટની શક્યતા, રહેવા-જમવાનો ખર્ચ અને હેલ્થકેર સિસ્ટમ પણ ધ્યાનમાં રાખે છે. ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીની વાત કરીએ તો અહીં એડમિશન માટે અરજીઓની સંખ્યા વધશે, પરંતુ રિજેક્શન રેશિયો પણ ઊંચો રહેશે. ઓસ્ટ્રેલિયામાં વિદેશી સ્ટુડન્ટ માટે વિઝા એપ્રૂવલ રેટમાં મોટો ઘટાડો થયો છે. છેલ્લા ૧૫ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં સ્ટુડન્ટ વિઝાની ૯૦ ટકા અરજીઓ એપ્રૂવ થઈ જતી હતી, પરંતુ હવે ૮૦ ટકા અરજી માંડ મંજૂર થાય છે. જ્યારે ૨૦ ટકા અરજી રિજેક્ટ કરી દેવાય છે. વોકેશનલ કોર્સમાં તો ૩૦ ટકા અરજીઓને નકારી કાઢવામાં આવે છે. ૨૦૨૨-૨૩ની સરખામણીમાં ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૩-૨૪માં સ્ટુડન્ટ વિઝા મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦ હજાર ઘટી ગઈ હતી. કેનેડાએ જેવી રીતે હાઉસિંગના ઉંચા ભાવ સામે મોરચો માંડ્યો છે તેવી જ રીતે ઓસ્ટ્રેલિયાએ બનાવટી સ્ટુડન્ટ સામે લડાઈ આદરી છે.

## મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પા પા પગલી પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા કક્ષાનો ભૂલકા મેળો યોજાયો



। (માહિતી) દાહોદ ।

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'પા પા પગલી' પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષણની વાત, વાલીઓ સાથે સંવાદોત્સવ સહિત ભૂલકા મેળો દાહોદ સ્વામી વિવેકાનંદ સંકુલ દાહોદ ખાતે યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કરણસિંહ ડામોરની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં નાના ભૂલકાઓએ ગીત-સંગીત-નૃત્ય-ચિત્ર વગેરેની મનમોહક રજૂઆત કરી હતી. પ્રમુખ શ્રી કરણસિંહ ડામોરએ રાજ્ય સરકાર દ્વારા બાળકોને કુપોષણને દૂર કરી સુપોષિત કરવા માટેની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કરણસિંહ ડામોરે જણાવ્યું કે, રાજ્ય સરકાર આંગણવાડીના બાળકો સુપોષિત બને તે માટે સઘન પ્રયાસરત છે અને વિવિધ યોજનાઓ યોગ્ય રીતે લાગુ કરી છે ત્યારે માવતર પણ બાળકોને નિયમિત રીતે આંગણવાડીમાં મોકલે એ ઈચ્છનીય છે. આંગણવાડીમાં બાળકો નિયમિત રીતે આવશે તો તેમનો સર્વાંગી વિકાસ થશે. તેઓ શારિરીક માનસિક સ્વાસ્થ કેળવશે તેમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આંગણવાડી કાર્યકતા બહેનો બાળકો માટે માતા યશોદાની ભૂમિકા યોગ્ય રીતે નિભાવી રહી છે. બાળકોને ગરમ, સુપોષિત આહારથી લઈને તમામ બાબતોની કાળજી તેઓ રાખે છે. માવતર જે વિશ્વાસ સાથે બાળકને આંગણવાડીમાં મુકે છે ત્યારે તેનો યોગ્ય વિકાસ થાય, તેને યોગ્ય પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે એ માટે આંગણવાડી કાર્યકતા બહેનોએ ખાસ જહેમત લઈને તેના પર ખરા ઉતરવાનું છે. આજના ભૂલકાંઓ આવતી કાલનું ભવિષ્ય છે તેમનો પાયો મજબૂત હોય તે ખુબ જરૂરી છે જેનું કાર્ય આઈસીડીએસ વિભાગ બખૂબીથી નિભાવી રહ્યો છે. બાળકોના પૂર્વ પ્રાથમિક - પાયાની જાળવણી અને કેળવણી મજબૂત હોય તે અત્યંત જરૂરી છે. એમ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોરે જણાવ્યું હતું.

આ પ્રસંગે કાર્યક્રમમાં બાળકોના પોષણ, શિક્ષણ, સ્વાસ્થ્ય, પૂર્વ પ્રાથમિક શિક્ષણ સહીત વાલીઓ દ્વારા લેવાતી જવાબદારીઓ અંગે વાલીઓ સાથે માર્ગદર્શન સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. પા પા પગલીના બાળકોના ભૂલકા મેળામાં ગીત-સંગીત-નૃત્ય-વાર્તાકથન-વેશભૂષા સહિતની પ્રવૃત્તિઓમાં બાળકોએ ઉમંગભેર ભાગ લીધો હતો અને આ મેળાને મન ભરીને માણ્યો હતો. મહાનુભાવોએ બાળકોને પ્રોત્સાહિત પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં દરેક તાલુકાની આંગણવાડીઓ દ્વારા આંગણવાડીના અભ્યાસક્રમને લગતા વિવિધ મહત્વના વિષયોને આવરીને ટીચિંગ લર્નિંગ મટીરીયલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ TLM (ટીચિંગ લર્નિંગ મટીરીયલ) દૈનિક વપરાશની ચીજ વસ્તુઓ જે સરળતાથી ઉપલબ્ધ હોય તેમાંથી ઓછા ભાવે બનાવવામાં આવી હતી, જે સામાન્ય વાલી પણ બનાવી બાળકને ઘરે સરળતાથી શીખવી શકે છે તેવા હોય છે. જેના ઉપયોગથી બાળકોનો માનસિક, શારિરિક, બૌદ્ધિક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક, સર્જનાત્મક વિકાસ થાય છે.

ઉપરાંત "શિક્ષણની વાત, વાલીઓ સાથે સંવાદોત્સવ" થીમ અંતર્ગત વિષયના તજજ્ઞો દ્વારા વાલીઓ સાથે વાર્તાલાપ કરી બાળકના જીવનમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ અને જાગૃતિ કેળવવા માટેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઈરાબેન ચૌહાણએ ભૂલકા મેળાનો ઉદ્દેશ જણાવીને તેને યોગ્ય રીતે અમલમાં લાવવા આંગણવાડી કાર્યકતાઓને જણાવ્યું હતું દેવગઢ બારીયાના સી.ડી.પી.ઓ શ્રીમતી એમ.વી.જોસેફે આભાર દર્શન કર્યું હતું.

**આજની સ્ત્રીઓ માટે શું ઉપમા આપી શકાય! શું ખરેખર આજે સ્ત્રી હવે એ પ્રકારના સન્માનની અધિકારી રહી છે ખરી?**

# મહિલા દિવસ નિમિત્તે વિશ્વની તમામ સ્ત્રીઓને, પ્રેમ ત્યાગ, બલિદાન અને સમર્પણનાં, ભાવ કેળવવા આહવાન છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમાજની મોટાભાગની મહિલાઓ આજે ઘણી આગળ નીકળી ગઈ છે, તેની સાથે આવાં વ્યવહારો થતાં નથી, કારણ કે સમાજે ઉદારતાથી ઘણું બધું સ્વીકારી લીધું છે પરંતુ આજે પણ સ્ત્રી કેમ સુરક્ષિત નથી! શું માતા એક જ મહિલા છે?**

૮ માર્ચ આવે છે અને આ દિવસને મહિલા દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. તો સર્વ પ્રથમ તો વિશ્વભરની મહિલાઓને એ નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ. મહિલા દિવસ નિમિત્તે ઘણા છાપાં માટે ઘણા લેખ લખાયાં અને દરેક પાસાથી વિચાર્યું કે સ્ત્રી સફળ છે, પણ શું સ્વતંત્ર છે? આજે પણ સ્ત્રી કેમ સુરક્ષિત નથી! શું માતા એક જ મહિલા છે? અને હવે તો અમારી માનસિકતાને સમજો!: પરંતુ હકીકતમાં આજે પ્રવર્તમાન સમાજમાં દેખાતું સ્ત્રીનું રૂપ આ બધા લેખ સાથે એટલું સામ્યતા ધરાવતું નથી, એટલે કે સમાજની મોટાભાગની મહિલાઓ આજે ઘણી આગળ નીકળી ગઈ છે, તેની સાથે આવાં વ્યવહારો થતાં નથી, કારણ કે સમાજે ઉદારતાથી ઘણું બધું સ્વીકારી લીધું છે. આજની સ્ત્રીઓ માટે શું ઉપમા આપી શકાય! શું ખરેખર આજે સ્ત્રી હવે એ પ્રકારના સન્માનની અધિકારી રહી છે ખરી? શું મારી જેમ એ સવાલ સૌના મનમાં નથી ઉદ્ભવતો? સર્વપ્રથમ તો મહિલા કહો, સ્ત્રી કહો, નારી કહો, એ કોને કહેવાય! શું માત્ર શરીર રચનાથી કોઈ સ્ત્રી હોય, તો તેને આ સન્માન મળી શકે ખરું?: એટલે સર્વપ્રથમ તો પ્રવર્તમાન સમાજમાં આજે સ્ત્રીઓને સફળતાનો એક એવો નશો ચડ્યો છે, કે પહેલા દસ-વીસ ટકા સ્ત્રીઓ જ આ પ્રકારનું જીવન જીવતી હતી, અને એની માટેનો એક ખાસ શબ્દ હતો કે ભાઈડા જેવી છે, ત્યારે એ શબ્દ માત્ર બાહ્ય દેખાવને કારણે ઉચ્ચારાતો, જ્યારે આજે સ્વરૂપ સૌમ્ય હોય પણ અને એ રીતે જોઈએ તો એ રેસીયો વધી ગયો છે, જે ખતરાથી ખાલી નથી. એની માટે ઘણી બધી વસ્તુઓ જવાબદાર છે, અને ક્યાંકને ક્યાંક સમાજમાં સ્ત્રીને વધુ પડતી સતાવી હોવાનું પણ આ પરિણામ છે, એમાં પણ કોઈ બે મત નથી. સ્ત્રી પોતાના પરિવારથી ખુશ હતી, તેને માત્ર લાગણી અને હુંફની જરૂર હતી, તેને માન-સન્માનની જરૂર હતી, એને પણ માનવ સમજવાની જરૂર હતી. પરંતુ કોઈએ એટલી તેની કદર કરી નહીં, અને તેણે પોતાના અધિકાર માટે ઘરની બહાર નીકળવું પડ્યું.

પુરુષપ્રધાન સમાજની એવી માનસિકતા હતી કે, અમે રૂપિયા કમાઈને આપીએ છીએ, એટલે તેણે અમારા ગુલામ બનીને જીવવાનું, એની ઈચ્છાનું કોઈ મોલ નહોતું. ૧૮થી ૧૯મી સદીનો એ દાયકો બહુ ખરાબ રહ્યો, કે જ્યાં સ્ત્રીને બહુ જ સતાવવામાં આવી. શિક્ષણનો વ્યાપ વધતાં સ્ત્રી એ પોતાની સફળતા દેખાડવાનું શરૂ કર્યું, અને આજે દરેક ક્ષેત્રમાં સ્ત્રીએ સફળતા પ્રાપ્ત કરી છે, સિદ્ધિ પ્રાપ્ત કરી છે, એમાં કોઈ બેમત નથી. પરંતુ આ સફળતાનો નશો તેને નડી ગયો. આમ પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા નીકળેલી સ્ત્રી સફળતાના આ નશામાં પોતાની સૌમ્યતા ધીરે ધીરે ભૂલતી ગઈ, અને પશ્ચિમની સંસ્કૃતિથી અભડાતી ગઈ, અને સ્ત્રી સમોવડીનાં એક વિચારને કારણે પહેરવેશથી





માંડીને બધું જ એણે બદલી નાખ્યું. એટલે સ્થૂળ દેહની રીતે જ હવે તે સ્ત્રી રહી, સૂક્ષ્મ શરીર એટલે કે સંવેદનાની ધરોહર, મમતાની મૂરત, લાગણીનો દરિયો,આ બધાં જે તેના આંતરિક ગુણને કારણે ઉપનામ હતાં તે હવે જોઈએ તેટલાં પ્રમાણમાં જોવા મળતાં નથી. મનોરંજન તરીકે સ્વીકારવામાં આવેલું ટેલિવિઝન અને સિનેમા પણ આમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એટલે કે **daily soap**માં દેખાડવામાં આવતી સિરિયલોમાં મોટેભાગે ષડયંત્ર અને કાવાદાવા જ હોય છે.

એક પત્નીનો આપણે ત્યાં કાયદો હોવા છતાં પરિવારના નાયકને બે-ત્રણ સ્ત્રી સાથે સંબંધ દેખાડવામાં આવે છે, અને અનૈતિકતાઓના પાયા પર જ જ્યારે મનોરંજન પીરસાતું હોય, ત્યાં એમાંથી સારા ગુણ કઈ રીતે ગ્રહણ કરી શકાય! સિનેમાની વાત કરીએ તો એમાં તો હજી પણ ધૂમ્રપાન અને દારૂ નિષેધનો સંદેશો હોય છે. પરંતુ સીરીયલમાં તો બેફામ દારૂની મેહફીલ દેખાડવામાં આવે છે, અને યુવતીઓ તેમજ સ્ત્રીઓ પણ કોઈપણ પ્રકારના છોછ વગર દારૂ પીતી દેખાડવામાં આવે છે, સિગરેટ પીતી દેખાડવામાં આવે છે, અડધા ઉઘાડા અંગો દેખાતા પોશાકો પહેરેલી દેખાડવામાં આવે છે. આ બધું જોઈને કોણ સારા ગુણ ગ્રહણ કરી શકે! કોણ સૌમ્ય રહી શકે! નાદાન ઉંમરની કિશોરીઓ આ પ્રકારના વર્તનથી કે આવું જીવવાથી આનંદ મળી શકે, એવું વિચારી એ ખાઈમાં પડતી હોય છે. પરિવર્તનના નામે સ્ત્રીઓએ ઘણું ઘણું ન અપનાવવા જેવું અપનાવ્યું, અને પછી તેની સાથે દુર્વ્યવહાર થાય તો એની માટે જવાબદાર સમાજને ઠેરવવો કે પુરુષને ઠેરવવો એ કેટલે અંશે વ્યાજબી છે? એટલે આવું થવું જોઈએ, અથવા તો આવું થાય છે તે વ્યાજબી છે, એવું કહેવાનું કોઈ મતલબ કે તાત્પર્ય નથી, જે ઘટનાઓ ઘટે છે તે વખોડવા લાયક જ છે.

સમાજમાં સ્ત્રીઓ સાથે આવા દૂર વ્યવહારો થવા ન જોઈએ, બળાત્કારની ઘટના ઘટવી જ ન જ જોઈએ. પરંતુ એની માટે થઈને હવે માત્ર સમાજ કે પુરુષને દોષ દેવો એ કેટલે અંશે યોગ્ય છે? એ પણ વિચારવાનો સમય આવી ગયો છે, કારણ કે આ ઘટના અટકવાનું નામ લેતી નથી, ત્યારે સ્ત્રીએ પોતાની ભૂલો તરફ પણ હવે વિચારવું પડશે. ક્યાં સુધી અન્ય પર આક્ષેપો નાખીને આપણે બચતા રહીશું! પુરુષ સમોવડીનો નારો લઈને નીકળેલી સ્ત્રી આજે ઉદ્ધત, સ્વચ્છંદ, સ્વતંત્ર, નિર્દય,અને હિંસક એ બધા લક્ષણો ધરાવતી થઈ ગઈ છે, અને તેના મૂળ સ્વભાવગત સંસ્કારો છૂટતા જાય છે. એની માટેના ઘણા કારણો છે. આપણે જોયું તેમ અન્ન તેવો ઓડકાર એ રીતે તેની ખાણીપીણી બદલાઈ ગઈ છે, વ્યાસનો પણ કરવા લાગી છે, ગાલીગલોચ પણ સીરીયલો કે ફિલ્મનું જોઈને શીખતી જાય છે. ટૂંકમાં કહીએ તો બીભત્સ રસની પ્રેરક થતી જાય છે, અને એને કારણે તેની સૌમ્યતા ખંડિત થતી જાય છે.

હજી આ તરફ ધ્યાન દેવામાં નહીં, આવે તો આ રેશિયો વધતો જશે, અને જે બહું ખતરનાક સાબિત થઈ શકે તેમ છે. સમાજમાં આનુ પરિણામ દેખાવાનું શરૂ થઈ ગયું છે, એટલે કે પરિવારો તૂટતાં જાય છે, સંયુક્ત કુટુંબ તો હવે બચ્યા જ નથી! છૂટાછેડાનું પ્રમાણ ઘણું વધી ગયું છે! મનોચિકિત્સકની સંખ્યા પણ વધી છે,અને એનાં ક્લિનિક પણ હવે કાયમ ભરેલા રહે છે. આ ઉપરાંત સ્ત્રીઓની કામુકતા પણ વધતી ગઈ છે, અને એને કારણે લગ્નેતર સંબંધો પણ ખુબ જોવા મળે છે. સ્ત્રીઓને પણ પોતાની લાગણી પ્રદર્શીત કરવાનો હક છે, વગેરે વગેરે વાતો કરી અને લિવ ઈન રિલેશનશિપના કિસ્સાઓ પણ વધતાં જોવા મળે છે, જેને કારણે લગ્ન સંસ્થા સામે ભય ઉભો થઈ ગયો છે. એટલે કે અનૈતિકતાનાં કરાર સમાજમાં હવે બહુ આસાનીથી થતા દેખાય છે, અને આ બધાં માટે સ્ત્રી જ જવાબદાર છે, એવું કહેવાનું તાત્પર્ય બિલકુલ નથી. પરંતુ મોટાભાગની સ્ત્રી હવે સૌમ્ય નથી રહી વિદ્રોહી બની છે,જે ખતરનાક છે. સુંદર સ્ત્રીને જોઈને પુરુષના મનમાં ભાવ ઉત્પન્ન થાય એ બહુ સહજ છે, અને ભાવ એટલે કે પ્રેમનો ભાવ. પરંતુ હવે સ્ત્રીને જોઈને મોટેભાગે પુરુષોના મનમાં તેને ભોગવવાનો ભાવ જાગે છે, બસ એટલું અંતર પહેલાની અને અત્યારની સ્ત્રીમાં આવી ગયું છે, અને એને કારણે સમાજમાં ઠેર ઠેર બળાત્કારની ઘટનાઓ ઘટે છે, એ સમજવાની હવે જરૂર છે. વિશ્વની મહિલાઓને આજે મહિલા દિવસે આ તરફ અંગુલિનિર્દેશ કરીને માત્ર એટલું જ કહેવાનું તાત્પર્ય છે, કે જો છાશવારે થતી બળાત્કારની ઘટનાથી બચવું હશે, તો હવે અન્ય પર આક્ષેપ નાખ્યાં વગર આપણી તરફ પણ વિચારવું પડશે. સ્ત્રીનાં એ સૌમ્ય ભાવને પાછો લાવવાની કોશિશ પણ કરવી પડશે, નહીતો સ્ત્રીનું અસ્તિત્વ કાયમ આ રીતે જોખમી પુરવાર થશે, અને તેની સાથે ગમે ત્યારે, ગમે તે થઈ શકે એનો ડર તેને સતત રહેશે. વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સૌ કોઈ આ મુદ્દે વિચારે, અને માતાથી શરૂ કરી પુત્રી કે પૌત્રી બધાનું પોતાના મૂળ સ્વભાવ એટલે સંવેદનાની ધરોહર, મમતાની મૂરત, લાગણીનો દરિયો, સમર્પણની પ્રતિકૃતિ અને સ્નેહનો પડઘો, પ્રેમની પરંપરા, આંગણાનો દીવો, આ બધાં જ ગુણોને કેળવીને સુલક્ષણા બનવા તરફ અગ્રેસર બનવું અનિવાર્ય છે.

**જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વરમય સાથે એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે**

# જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપથી અલગ કરી શકતા નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી, તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપ નો સાનુભાવ કરી શકતો નથી**

ધ્યાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો.તેથી તે સ્થિર થશે. મનને સમજાવજો, પટાવજો, છેવટે ધમકાવજો. એકનાથ મહારાજને એક વૈષ્ણવે પૂછ્યું કે, તમારું મન ઈશ્વરમાં સ્થિર થાય છે, સદાસર્વદ તમારું મન શ્રીકૃષ્ણમાં સ્થિર કેમ રહે છે? તમારું મન ચોવીસે કલાક પ્રભુમાં સ્થિર છે, ને મારું મ અર્ધો કલાક પણ પ્રભુમાં સ્થિર થતું નથી, માટે મનને સ્થિર કરવાનો કાંઈ ઉપાય બતાવો. એકનાદ મહારાજે કહ્યું, એ વાત હમણાં જવા દે. હમણાં તો એક મહત્ત્વની વાત મારે તને કહેવી છે અને તે એ કે તારું મૃત્યુ નજીક છે. મરતાં પહેલાં વેર અને વાસનાનો ત્યાગ કર. વેર અને વાસના મરણને બગાડે છે. જા, સાત દિવસ પછી તું મારી પાસે આવજે. પેલા વૈષ્ણવના તો મૃત્યુનું નામ સાંભળ્યું કે હોશકોશ ઊડી ગયા. ઘરે જઈ તરત ધનની પુત્રોને સોંપણી કરી દીધી. સર્વની ક્ષમા યાચના માગી.

ઈશ્વરનું ધ્યાન કરવા લાગ્યો.સાત દિવસ પછી તે એક નાથ મહારાજ પાસે આવ્યો. મહારાજે પૂછ્યું, બોલ, આ સાત દિવસ તેં શું કર્યું? વૈષ્ણવ ઉત્તર આપે છે,મને તો મરણની બીક એવી લાગી કે, હું તો સર્વ છોડીને ઈશ્વરના ધ્યાનમાં જ લાગી ગયો. એકનાથ મહારાજે કહ્યું બસ, તો મારી એકાગ્રતાનું પણ એ જ રહસ્ય છે. હું મૃત્યુને રોજ યાદ રાખું છું.હું મૃત્યુની બીક રાખી સતત ઈશ્વરભજન કરું છું, એટલે મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે અને મારું મન સદા સર્વદા શ્રીકૃષ્ણમાં એકાગ્ર રહે છે.પરમા ત્માનું ધ્યાન કરતાં જીવ ઈશ્વરમાં મળી જાય.ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય.ધ્યાતા,ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ જાય. આજ મુક્તિ, આજ શુદ્ધ અદ્વૈત.ધ્યાતા,ધ્યાન અને ધ્યેય એક થવાં જોઈએ તે એક થાય તો સમજવું કે, ધ્યાન માં અને દર્શનમાં એકતાનતા થઈ. એક્લાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન. વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છે પણ વાતચીત માં તેઓનું ધ્યાન સતત માથા ઉપરનાં બેડાં ઉપર જ હોય છે. આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો. ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ પામવા ગઈ. તે



સાગરમાં વિલીન થઈ ગઈ. પાછી ન જ આવી. તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વર માં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જેમ જેમ મન ધ્યાન કરે છે, તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે. પછી જીવમાં જીવપણું રહેતું નથી. ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બંને બતાવ્યા છે.જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વરમય સાથે એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો આરંભ ભલે દ્વૈતથી થાય, પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે. ભક્ત અને ભગવાન જુદા રહી શકતા નથી. જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપ થી અલગ કરી શકતા નથી. ઈશ્વર રસરૂપ છે. જે બ્રહ્મરસમાં ડૂબીગયો જે બ્રહ્મરૂપ થયો તે પછી પરમાત્માના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી.

જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખનિવૃત્તિ તો થાય છે, પણ આનંદનો અનુભવ થતો નથી. બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે થોડું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છે કે, હું મારા ભગવાનનો અંશ છું, હું મારા ભગવાનની ગોપી છું,મારે પરમાત્મા સાથે એક થવું નથી. મારે પરમાત્માની સેવા કરવી છે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરી ગોલોક ધામમાં પ્રવેશ કરે છેત્યારે ભગવાન ને આનંદ થાય છે કે, મારો અંશ મને મળવા આવ્યો. ભકિત કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે, કીર્તન કરવા માં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી.જીવ ઈશ્વર થી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે. વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વરથી થોડો અલગ રહે તેમ ઇચ્છે છે. ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરીરૂપ બની જાય છે, તેજ પ્રમાણે જીવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કૈવલ્ય મુક્તિ, પણ વૈષ્ણવો આવી કેવલ્ય મુક્તિ ઈચ્છતા નથી. તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે. જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી, તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપનો સાનુભાવ કરી શકતો નથી. માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા-સ્મરણમાં હું ઉતાર્થતા અનુભવે છે.આ બંને સિદ્ધાંતો સત્ય છે. ખંડનમંડનની ભાંજગડમાં પડશો નહીં. ગૌરાંગ પ્રભુ પા ભેદાભેદ ભાવમાં માને છે. લીલામાં ભેદ માને છે, પરંતુ તત્ત્વદષ્ટિથી અભેદ છે. અભિન્ન હવ છતાં સૂક્ષ્મભેદ છે.

એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દ્દષ્ટાંત આપ્યું છે. અશોકવનમાં રામ વિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન-સ્મરણ કરે છે. સીતાજી ધ્યાનમ તન્મય રહે છે કે, હું સીતા છું. તેમને થાય છે કે, હું જ રામ છું. આ કૈવલ્યમુક્તિ. તેમણે એકવાર ત્રિજટાને કહ્યું કે, ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે. એમ રામજીનું ચિંતન કરતાં કરતાં હું રામ થઈ જઈશ? તો પછી રામજીની સેવા કોણ કરશે. પછી જગતમાં રામસીતાની જોડી નહીં રહે. સીતાજીને રામ રૂપ થવું નથી. તેમને તો રામજન ચિંતા છે. સીતા થઈ રામજીની સેવા કરવામાં જે આનંદ છે, તે રામરૂપ થવામાં નથી. તેમને રમ થવામાં આનંદ નથી. ત્યારે ત્રિજટા કહે છે, ચિંતા ન કરો! પ્રેમ અન્યોન્ય હોવાથી રામજી તમારું ચિંતન કરતાં કરો સીતારૂપ થશે. રામ સીતાની જોડી જગતમાં કાયમ રહેશે. આ જ ભાગવતી મુક્તિનું રહસ્ય છે વૈષ્ણવ આચાર્યો પહેલા દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈત પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેમ કાલ્પનિક દ્વૈત રાખે છે, જેથી કનૈયાને ગોપી ભાવે ભજી શકાય. કહે છે મારે શ્રીકૃષ્ણ થવુંનથી મારે તો ગોપી થઈ શ્રીકૃષ્ણ ની સેવા કરવી છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે.આનું નામ અદ્વૈત મુક્તિ, કૈવલ્ય મુક્તિ,ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ. વિચાર માનો પ્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે. ભાવનાપ્રધાન મનુષ્યો જેનું હદય કોમળ છે, દ્રવે છે તેવા મનુષ્યો ભકિત માર્ગ પસંદ કરે છે.

## કેન્સર અને ડાયાબિટીસથી રાહત આપે છે આંગણામાં જોવા મળતો આ સદાબહાર છોડ



બારમાસીનો છોડ દરેક જગ્યાએ સરળતાથી ઊગી નીકળે છે. બારેમાસ તેના પર ફૂલ આવતા હોવાથી લોકો તેને ઘરની શોભા વધારવા માટે રોપે છે. પરંતુ આ છોડ ઘણી ગંભીર બીમારીઓની સારવાર માટે પણ ખૂબ ઉપયોગી છે. તેના ઔષધીય ગુણો જાણીને કદાચ તમને પણ આશ્ચર્ય થશે. બારમાસીના નામથી જાણીતી આ ઔષધીય વનસ્પતિ પોતે સુંદર હોવાની સાથોસાથ માનવ જીવનને તંદુરસ્ત બનાવે છે. બારમાસીનો છોડ તમામ ગંભીર રોગોને તેમના મૂળમાંથી દૂર કરવામાં સફળ સાબિત થાય છે. શાંતિ આયુર્વેદિક મેડિકલ કોલેજના મેનેજર પ્રો. ડૉ. આર.વી.એન. પાંડેના જણાવ્યાનુસાર, બારમાસી એક અદ્ભુત દવા છે. ઘણી ગંભીર બીમારીઓમાં તેનો અલગ અલગ રીતે ઉપયોગ થાય છે. પરંતુ, ડૉક્ટરની સલાહ લીધા વિના તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાતો નથી. આ એટલી મહત્વપૂર્ણ દવા છે કે તે ડાયાબિટીસથી લઈને કેન્સર સુધીના ગંભીર રોગોમાં ખૂબ જ અસરકારક સાબિત થાય છે. ડૉ. પાંડે જણાવે છે કે, આ તમામ હર્બલ દવાઓ આયુર્વેદ પદ્ધતિમાં વિશેષ મહત્વ ધરાવે છે. બારમાસી ખૂબ જ અસરકારક, ફાયદાકારક અને મહત્વપૂર્ણ દવા છે. તેના પાંદડા અને ફૂલો બંનેનો ઉપયોગ થાય છે. આયુર્વેદ અનુસાર આ છોડ શરીરની ઘણી ગંભીર સમસ્યાઓની સારવારમાં ઉપયોગી છે. બારમાસીના પાંદડા ડાયાબિટીસ જેવી ગંભીર સમસ્યાઓ માટે ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત તે ગળાના ચેપ, બ્લડ પ્રેશર, કેન્સર અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં પણ ખૂબ અસરકારક છે. દરરોજ તેના ૧૦ પાન ચાવવાથી ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. તેના ફૂલ અને પાંદડા બંને ઉપયોગી છે. તેનો રસ કાઢીને પણ ઉપયોગમાં લેવાય છે. તેના પાન ચાવવાથી પણ ઘણી રાહત મળે છે. આ એક અદ્ભુત છોડ છે જે સ્વસ્થ માનવ જીવનમાં ખુશીઓ લાવે છે. બારમાસીની ઔષધીની કેટલીક આડઅસરો પણ છે. જેથી તેનું વધુ પડતું સેવન કરવું પણ નુકસાનકારક બને છે. યોગ્ય માત્રા વિશે જાણકારી ન હોવાને કારણે આ ઔષધિઓ ફાયદાને બદલે નુકસાન કરે છે.

# ડાયાબિટીસના દર્દીઓ ભૂલથી પણ ન રાખતા આવી ટેવ, અચાનક વધી જશે શુગર

દેશમાં દિવસેને દિવસે ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ડાયાબિટીસ વધવા પાછળ વર્તમાન સમયની જીવનશૈલી અને આનુવંશિક જેવા અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે. ડાયાબિટીસ શરીરની અંદર રહેલા લોહીમાં ગ્લુકોઝની પ્રોસેસ કરવાની ક્ષમતાને નબળી પાડે છે. જેને આપણે બ્લડ શુગર કહીએ છીએ. ત્યારે આ ડાયાબિટીસ કેવી રીતે થાય છે, તેને નિયંત્રિત કરવા શું ધ્યાન રાખવું જોઈએ? તે વિશે વિગતવાર માહિતી ડો. અર્ચિતભાઈ પરીખે જણાવ્યું હતું. ડો.અર્ચિતભાઈ પરીખે જણાવ્યું હતું કે, આજકાલ નાની ઉંમરની વ્યક્તિ ડાયાબિટીસનો ભોગ બની રહી છે. મોટાભાગે ગળ્યો ખોરાક લેવાથી ડાયાબિટીસને લગતી બીમારીઓ થાય છે.ડોક્ટરના જણાવ્યા પ્રમાણે જેમાં ભોજન પહેલા પ્રમાણસર મીઠાઈ લેવામાં



આવે તો શરીરમાં ખોરાક પચાવવાનો હોર્મોન્સ સક્રિય થાય છે. પરંતુ જમ્યા બાદ મીઠાઈ લેવામાં આવે તો તેની સીધી અસર પાચનક્રિયા પર પડે છે.જેના લીધે પેટ ફૂલવું, ગેસ, ડાયાબિટીસ, હૃદયરોગ જેવી સમસ્યા ઊભી થાય છે. ડાયાબિટીસ થવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પરંતુ ટાઈપ ૧ ડાયાબિટીસમાં વ્યક્તિના સ્વાદુપિંડના ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતા કોષો નષ્ટ કરે છે. જેના લીધે શુગર કોષોમાં જવાને બદલે લોહીમાં જમા થવા લાગે છે. જ્યારે ટાઈપ ૨ ડાયાબિટીસ આનુવંશિક અને પર્યાવરણીય પરિબળોને કારણે થઈ શકે છે. આ ઉપરાંત ગેસ્ટેશનલ ડાયાબિટીસમાં સગર્ભાવસ્થાને સુરક્ષિત અને સ્વસ્થ રાખવા પ્લેસેન્ટા ચોક્કસ હોર્મોન્સ બનાવે છે. જે કોષોને ઈન્સ્યુલિનની ક્રિયામાં અસમર્થ રહે છે.

ટાઈપ ૧ ડાયાબિટીસ ખોરાક દ્વારા, કૌટુંબિક (વારસાગત) તથા વાયરલ રોગ થવાથી થઈ શકે છે. જ્યારે વ્યક્તિના વજનમાં વધ-ઘટ, ઓછું કોલેસ્ટ્રોલ, ટ્રાઈગ્લિસરાઈડનું સ્તર ઊંચું હોવું, બેઠાડું જીવન, હાઈ બ્લડ પ્રેશર, કૌટુંબિક (વારસાગત), સ્ત્રીનેં ર્ઍજી થવાથી, વ્યક્તિની ઉંમર, ગર્ભાવસ્થા વગેરેમાં ટાઈપ ૨ ડાયાબિટીસ થવાની શક્યતા રહેલી છે. આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન, ૨૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને, સગર્ભાવસ્થા પહેલા વધુ વજન હોવું વગેરેમાં ગેસ્ટેશનલ ડાયાબિટીસ થઈ શકે છે.

## રસોડામાં રહેલો મસાલો સ્વાસ્થ્ય માટે છે અતિ ઉત્તમ





ગુજરાતમાં શિયાળો શરૂ થઈ ગયો છે. સાથોસાથ માવઠા બાદ ઠંડીની અસર દેખાવા લાગી છે. સમગ્ર રાજ્યમાં સવાર-સાંજ તેમજ દિવસ દરમિયાન ભારે ઠંડી પડી રહી છે. આવી સ્થિતિમાં, ઠંડીથી બચવા માટે, જીવનશૈલીમાં કેટલાક બદલાવની સાથોસાથ ખાનપાન પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. શિયાળાની ઋતુમાં એવી લાઈફસ્ટાઈલ અપનાવવી જોઈએ, જેનાથી ઠંડીથી રક્ષણ મળે તથા શરીર ફિટ રહે. આ ઋતુમાં શરીરને ઠંડીથી બચાવવા ગરમ કપડાં તો પહેરવા જ જોઈએ. સાથોસાથ ગરમ તાસિર ધરાવતો ખોરાક પણ ખાવો જોઈએ. આજે અમે તમને એક એવા મસાલા વિશે જણાવીશું, જે ઠંડીથી બચાવવામાં અસરકારક છે, જે દરેકના ઘરમાં ઉપલબ્ધ છે. આ મસાલો લવિંગ છે. આયુર્વેદમાં પણ લવિંગના ઘણા ફાયદા જણાવવામાં આવ્યા છે. આયુર્વેદમાં જણાવ્યાનુસાર, લવિંગનું સેવન શરીરમાં ગરમી જાળવી રાખવામાં મદદ કરે છે. આ આપણને શરદી સામે લડવામાં મદદ કરે છે. આ સાથે લવિંગનું સેવન કરવાથી અન્ય રોગો સામે લડવામાં પણ મદદ મળે છે. વૈદ્ય એલએમ મિશ્રા જણાવે છે કે, ઉનાળામાં લવિંગનું સેવન કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. લવિંગમાં એન્ટીઑક્સિડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મો હોય છે. આ સિવાય લવિંગમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન બી કોમ્પ્લેક્સ અને કેલ્શિયમ પણ જોવા મળે છે. લવિંગ ગરમ તાસિર ધરાવે છે. તેથી શરદી અને ઉધરસની સ્થિતિમાં લવિંગ ખાવી જોઈએ. આ ઉપરાંત ચા અથવા ઉકાળામાં નાખીને તેનું સેવન કરવું જોઈએ. આ રીતે પ્રયોગ કરવાથી શરદી અને ખાંસીમાં રાહત મળે છે. જે વ્યક્તિ શિયાળાની ઋતુમાં દરરોજ ચાર લવિંગના ફૂલનું સેવન કરે તો તેને ઠંડી લાગતી નથી.

# આ વર્ષે સૌથી વધુ ચર્ચાયેલું ટ્રાવેલ ડેસ્ટિનેશન હતું વિયેતનામ

કોરોના મહામારીએ ૨૧મી સદીના બીજા દશકાની ખરાબ શરૂઆત કરી છે. વર્ષ ૨૦૨૩માં ટ્રાવેલ ક્ષેત્રે રિકવરી જોવા મળી છે. જોકે ભારતીયોએ આ વર્ષે ક્યાં જવાનું સપનું જોયું હતુ કે જોઈ રહ્યાં છે તે સ્થળોની યાદી પણ ડિસેમ્બરના આ અંતિમ તબક્કામાં બહાર આવી છે. ઈન્ટરનેટ પરનો હંમેશા મદદરૂપ ટ્રાવેલ એજન્ટ ગણાતા ગૂગલે આ વર્ષે ટ્રાવેલ સર્ચ ડાયરીમાં ટોચના સ્થાને રહેલા ૧૦ સ્થળોના નામ જાહેર કર્યા છે. તો આવો જાણીએ આ ટોપ ટ્રાવેલ ડેસ્ટિનેશન વિશે અને જો તમે પણ આ ક્રિસમસ કે નવા વર્ષે ટ્રિપ પ્લાન કરી રહ્યાં હોવ તો આ લેખ તમને મદદરૂપ થઈ શકે છે. તો ચાલો તમારી બેગ પેક કરાવે તેવા ૨૦૨૩ના ટ્રાવેલ હોટસ્પોટ્સ પર નજર કરીએ! ગૂગલે ૨૦૨૩ની સમાપ્તિ પર ભારતીયોએ સર્ચ કરેલા ટોચના પ્રવાસન સ્થળોને દર્શાવતું પોતાનું **'Year in Search'** શેર કર્યું છે. તેમાં ભારતીયોએ **Google** પર સૌથી વધુ સર્ચ કરેલા ટોચના ૧૦ સ્થાનો નીચે મુજબ છે. આ વર્ષે સૌથી વધુ ચર્ચાયેલું ટ્રાવેલ ડેસ્ટિનેશન હતું વિયેતનામ. જેમાં તમે **Hanoi**ને એક્સપ્લોર કરી શકો છો.

**Ha Long Bay**ની લાઈમસ્ટોન કાર્સ્ટ રચનાઓ ક્રૂઝ દ્વારા માણી શકો છો. **Sa Pa**ના રાઈસ ટેરેસને જોઈ શકો છો અથવા ફૂ ક્વોક ટાપુના દરિયાકિનારા પર આરામની પળો માણી શકો છો. બાગા અને પાલોલેમ જેવા સોનેરી દરિયાકિનારા પર સૂર્યનો તડકો અજબ તાજગી આપશે. વાઈબ્રન્ટ નાઈટલાઈફ સીનને માણી શકો છો. પાર્ટી-મોજ મસ્તી કરી શકો છો, પોર્ટુગીઝ વસાહતી હિસ્ટ્રીને જાણી શકો છો અથવા સ્વાદિષ્ટ સીફૂડ કરીનો આનંદ લઈ શકશો. પ્રાચીન મંદિરો અને ચોખા-ડાંગરના અદ્ભૂત પાક, સૂર્યોદયના અવિસ્મરણીય દૃશ્યો માટે બતુર પર્વત પર ચઢવું, વર્લ્ડ-ક્લાસ મોજાઓ એક અલગ જ ફિલિંગ આપી જશે. તમે અહીંની લક્ઝુરિયસ સ્પા અને બીચ રિસોર્ટમાં આરામ કરી શકો છો. રાષ્ટ્રીય ઉદ્યાનોમાં મદ-મસ્ત ફરતા હાથીઓને જોઈ શકો છો, સિગિરિયા રોક ફોર્ટ્રેસ પર ચઢી શકો છો, **Mirissa** જેવા અદ્ભુત દરિયાકિનારા પર આરામ ફરમાવી શકો છો અથવા કેન્ડીના ઐતિહાસિક શહેરને એક્સપ્લોર કરી શકો છો. બેંગકોકમાં વાટ ફો જેવા પ્રતિષ્ઠિત મંદિરોની મુલાકાત લઈ શકો છો. **Phi Phi** અથવા **Koh Lanta**ના ટાપુની મજા માણી શકો છો. ચિયાંગ માઈના જંગલોમાં ટ્રેકિંગ કરો અને સ્ટ્રીટ ફૂડની મજાનો અનુભવ લઈ શકો છો. દુનિયાની જન્નતની મજા જ અલગ છે. તમારી નરી આંખે હિમાલયની આકર્ષક સુંદરતાનો અનુભવ કરી શકો છો. **Dal** સરોવર પર બોટિંગ કરી શકો છો. અમરનાથ જેવા ગ્લેસિયર્સની યાત્રા કરી શકો છો અથવા નિશાત બાગ જેવા મુઘલ બગીચાઓની મુલાકાત લઈ શકો છો. કોફીના બગીચા અને લીલાછમ જંગલોનો નજારો જ અદ્ભુત રહેશે. હાથી અને વાઘ જેવાં વન્યજીવોને લાઈવ માણો, બારાપોલ નદીમાં રિવર રાફ્ટિંગ પર જાઓ અથવા **Abbey Falls** જેવા ધોધની મુલાકાત લો.

# અહીં મળી ૩૦૦૦ વર્ષી જૂની તલવાર, હજું પણ યથાવત છે

જર્મનીમાં એક પ્રાચીન તલવાર જોવા મળી છે, જેને આર્કિયોલોજિસ્ટે કાંસ્ય યુગના દફન સ્થાનેથી નીકળી છે. તલવારને ૩૦૦૦ વર્ષ જૂની જણાવવામાં આવી રહી છે. આટલા વર્ષો બાદ પણ હથિયાર એટલી સારી હાલતમાં છે કે તે હજું પણ ચમકે છે. આ જોઈને પુરાતત્વવિદો પણ ચોંકી ગયાં. જણાવવામાં આવી રહ્યું છે કે તલવાર ઈસા પૂર્વ ૧૪મી સદીના અંત સુધી ત્રણ લોકોની કબરમાંથી મળી છે.


લાઈવ સાયન્સના રિપોર્ટ અનુસાર, આ તલવાર બવેરિયાના નોર્ડલિંગેન ટાઉન **(Nördlingen Town)**માં એક પુરુષ, મહિલા અને બાળકોની કબરમાંથી મળી હતી. બવેરિયન સ્ટેટ ઑફિસ ફોર મૉન્યૂમેન્ટ પ્રોટેક્શન દ્વારા રજૂ કરેલા નિવેદન અનુસાર, 'એવું પ્રતીત થાય છે કે, ત્રણેયને એક બાદ એખ દફનાવવામાં આવ્યું હતું, પરંતુ આ સ્પષ્ટ નથી કે તેમનો એક-બીજા સાથે સંબંધ હતો કે નહીં.'

**ચમક જોઈને ચોંકી ગયાં આર્કિયોલોજીસ્ટ!**



## કેમ કહેવામાં આવે છે કે, ભૂરી આંખોવાળા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ?

અંગ્રેજીમાં એક કહેવત છે. **'Beauty lies in the eyes of the beholder'** એટલે કે સુંદરતા જોનારની આંખોમાં રહેલી છે. એ વાત સાચી છે કે દરેક વ્યક્તિ સુંદર હોય છે, આપણને માત્ર જોવા માટે આંખોની જરૂર હોય છે. આંખોની વાત કરીએ તો આંખોમાં પણ અનેક રંગો હોય છે. કોઈની આંખો કાળી હોય છે, કોઈની આંખો વાદળી હોય છે, કોઈની આંખો ભૂરી હોય છે. ભૂરી આંખોવાળા લોકોને લઈને કહેવામાં આવે છે કે તેના પર વિશ્વાસ ન કરવો જોઈએ. એવું કેમ કહેવામાં આવે છે અને રિસર્ચ તેને લઈને શું કહે છે. ચાલો જાણીએ.



વિશ્વમાં લગભગ ૫૦% લોકોની આંખો ભુરી હોય છે. બાળપણમાં, ભૂરી આંખોવાળા લોકો વિશે વડીલો કહેતા હતા કે આવા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ, તેઓ દગાબાજ છે. આ અંગે જુદા જુદા લોકોના જુદા જુદા મંતવ્યો હોઈ શકે છે. એવું કહેવાય છે કે જેમની નજર ભૂરી હોય છે તે ખૂબ જ ચાલાક અને પાપી લોકો હોય છે અને આવા લોકો પર થોડીક કાળજી રાખીને વિશ્વાસ કરવો જોઈએ, તેથી જ એવી કહેવત ફેલાઈ રહી છે કે આ લોકો કપટી હોય છે.

પ્રાગમાં આંખો અંગે એક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભૂરી આંખોવાળા લોકો અને વાદળી આંખોવાળા લોકોનો સમાવેશ થતો હતો. આ અભ્યાસને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પબ્લિક લાઈબ્રેરી ઓફ સાયન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસના પ્રથમ ભાગમાં, ૪૦ પુરુષો અને ૪૦ સ્ત્રીઓની આંખોના રંગ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરિણામ એ આવ્યું કે ભૂરી આંખોવાળા લોકો વાદળી આંખોવાળા લોકો કરતાં વધુ વિશ્વાસપાત્ર લાગી રહ્યા હતાં.

અભ્યાસના બીજા ભાગમાં પુરુષો અને સ્ત્રીઓનો અલગ-અલગ અભ્યાસ કરવામાં આવ્યો હતો અને તેમાં ભૂરી આંખોવાળા પુરુષો કરતાં ભૂરી આંખોવાળા પુરુષો વધુ વિશ્વાસપાત્ર હતા. અધ્યયનના ત્રીજા ભાગમાં સંશોધન ટીમે પુરુષો અને સ્ત્રીઓના ચહેરાને સમાન પરંતુ તેમની આંખોનો રંગ બદલાયો હતો અને પરિણામો પણ બદલાયા હતા. અંતે અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આંખોના રંગને વિશ્વસનીયતા સાથે કોઈ લેવાદેવા નથી.

## ચાંદ જેવી ચમક આપશે રસોડામાં રહેલી આ 3 વસ્તુઓ, શિયાળામાં કરશે સ્કિન ગ્લો



ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ છે. ઠંડીમાં ચહેરો શુષ્ક થવા લાગે છે. આવી સ્થિતિમાં ચહેરો નિસ્તેજ દેખાવા લાગે છે. આ માટે તમે ઘરેલું ઉપાય અજમાવી શકો છો. આપણા રસોડામાં જ એવી કેટલીક વસ્તુઓ રહેલી છે, જે કોસ્મેટિક જેવું કામ કરે છે. કોસ્મેટિકની બનાવટમાં પણ એ જ વસ્તુઓનો ઉપયોગ થાય છે. જેથી ચહેરા પર કુદરતી નિખાર લાવવા માટે બ્યુટી એક્સપર્ટ કેટલીક ઘરેલું વસ્તુઓનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. બ્યુટી એક્સપર્ટ સિમ્મી કુમારીએ લોકલ૧૮ને જણાવ્યું કે, ઠંડીના દિવસોમાં ચહેરો શુષ્ક થવા લાગે છે. જેના નિવારણ માટે તમે એલોવેરા જેલનો ઉપયોગ કરી શકો છો. તમે તેને બજારમાંથી પણ ખરીદી શકો છો અથવા આંગણામાં એલોવેરાનો છોડ વાવીને તેમાંથી પણ જેલ કાઢી શકો છો.

## ૫ અસાધ્ય બીમારીઓનો કાળ છે આ નાનકડી લાકડી, ૩૦૦થી વધારે ઔષધીય ગુણ





હેલ્થલાઈનના રિપોર્ટમાં રિસર્ચને ટાંકીને કહેવામાં આવ્યું છે કે જેઠીમધ ત્વચા સંબંધિત રોગો માટે રામબાણ છે. જેઠીમધ નું સેવન કરવાથી જો ત્વચા પર કોઈ એન્ટી-બેક્ટેરિયલ અથવા એન્ટી-ફંગલ પ્રોબ્લેમ હોય તો તે થોડા દિવસોમાં જ ઠીક થઈ જાય છે. જેઠીમધ પિમ્પલ્સને તેના મૂળમાંથી પણ મટાડે છે. જેઠીમધ મૂળમાંથી બનાવેલ પાવડર ત્વચા પર લગાવવાથી ત્વચા સંબંધિત રોગો પણ મટે છે.

જેઠીમધ પેટ સંબંધિત સમસ્યાઓ જેમ કે ગેસ, અપચો, એસિડિટી અને પેટમાં દુખાવો મટાડી શકે છે. આ સંદર્ભમાં, અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૭૫ મિલિગ્રામ લિકરિસ કેપ્સ્યુલ દિવસમાં બે વાર ૩૦ દિવસ સુધી આપવાથી અપચોની સમસ્યા દૂર થાય છે. આ સાથે મુલેથી જીઈઆરડી પણ દૂર કરે છે જેને હાર્ટ બર્ન પણ કહેવાય છે.

જેઠીમધમાં એન્ટિ ઈનફલમેટરી ગુણો જોવા મળે છે. તેથી, જેઠીમધ આંતરડામાં થતા પેપ્ટીક અલ્સર રોગને પણ મટાડે છે. જેઠીમધનાં મૂળમાં ગ્લાયસિરિઝિન નામનું સંયોજન જોવા મળે છે જે અલ્સરના ઘાને સૂકવે છે. અભ્યાસમાં, જ્યારે જેઠીમધ કેપ્સ્યુલ ૨ અઠવાડિયા માટે આપવામાં આવી હતી, ત્યારે પેપ્ટીક અલ્સરના લક્ષણોમાં ઘણો ઘટાડો થયો હતો.

## આગથી બળ્યા બાદ તેના પર તેલ, લોટ કે માખણ લગાવો છો?

રસોડામાં રસોઈ બનાવતી વખતે ઘણી વખત એવી સ્થિતિ સર્જાય છે કે હાથ બળી જાય છે. પછી તે તેલનો છાંટો હોય કે ગરમ તવાને હાથ અડી ગયો હોય. આવી સ્થિતિમાં, તીવ્ર બળતરા થાય છે અને તાત્કાલિક દવાની જરૂરિયાત અનુભવાય છે. મોટા ભાગના લોકો થોડી રાહત મેળવવા માટે લોટ, માખણ, તેલ અથવા બરફ લગાવે છે. પરંતુ આ ઘરેલું ઉપચાર કેટલા અસરકારક છે? શું તેઓ ખરેખર ફાયદાકારક છે કે હાનિકારક? ડોક્ટર્સનો અભિપ્રાય સાંભળીને તમને આશ્ચર્ય થશે. તેમના મતે, આવી વસ્તુઓ ઘણી વખત ફાયદાના બદલે નુકસાન કરે છે. તેથી, આ ઘરેલું ઉપચારથી દૂર રહેવું વધુ સારું છે. તો બળી જાય તો શું કરવું? ચાલો જાણીએ ડૉક્ટરે શું કહ્યું. સૌથી પહેલા જો કોઈ નાની જગ્યા બર્ન થાય છે, તો સૌપ્રથમ તે વિસ્તારને સામાન્ય નળના પાણીથી ધોઈ લો જ્યાં સુધી બળતરા ઓછી ન થાય. જો ફોલ્લો થઈ ગયો હોય, તો તેને ફોડવાની કોશિશ ન કરો, તેના પર કોઈપણ એન્ટિ-બાયોટિક અથવા એન્ટિ-સેપ્ટિક ક્રીમ લગાવો. તે એક-બે દિવસમાં પોતાની મેળે ઠીક થઈ જશે. જો તમે ખરાબ રીતે દાઝી ગયા હોવ તો બેદરકાર રહેવાને બદલે તરત જ ડોક્ટર પાસે જાઓ. જો કોઈ ગંભીર રીતે બળ્યું છે, તેને ડિગ્રીમાં વહેંચાયેલું છે. જો માત્ર ઉપરની ચામડી બળી જાય તો તેને ફર્સ્ટ ડિગ્રી બર્ન તરીકે રાખવામાં આવે છે. તેમાં ત્વચા લાલ થઈ જશે અને સોજો દેખાશે. સામાન્ય રીતે તે થોડા દિવસોમાં તેની જાતે જ મટી જશે. સેકન્ડ ડીગ્રી બર્નમાં ઉપરની ત્વચાની સાથે અંદરની ત્વચા પણ બળી જાય છે. જેના કારણે ત્વચા લાલ થઈ જાય છે અને ફોલ્લાઓ થઈ જાય છે. તેમને સ્વસ્થ થવામાં ૨ થી ૩ અઠવાડિયા લાગી શકે છે. જો સોજો વધુ પડતો હોય



તો તમારે ચોક્કસપણે ડૉક્ટરની મુલાકાત લેવી જોઈએ. ડોઈશ વેલેના અહેવાલ મુજબ, જર્મન ડૉક્ટર રાફેલ સ્ટૉબબાચનું કહેવું છે કે ઘા જેટલો ઊંડો હશે તેટલો જ તેને રૂઝાવવામાં વધુ સમય લાગશે. થર્ડ ડિગ્રી બર્નના કિસ્સામાં આવું થાય છે. આવી સ્થિતિમાં તરત જ ડૉક્ટર પાસે જવું જોઈએ. કારણ કે આ સ્થિતિમાં ત્વચાનો રંગ બદલાય છે, તે સફેદ, ભૂરો કે કાળો થઈ જાય છે. જેના કારણે રક્ત પરિભ્રમણ અવરોધાય છે. ઘણા લોકો ઘરે ગૂંથેલા લોટ, માખણ, તેલ અથવા બરફ લગાવે છે. ડૉક્ટરે કહ્યું, તેનાથી બચવું વધુ સારું છે કારણ કે તેનાથી ફાયદાને બદલે નુકસાન થઈ શકે છે. તેલ અને માખણ ગરમ જગ્યાને વધુ ગરમ કરશે, જ્યારે તેને ઠંડુ કરવાની જરૂર છે.

# અમદાવાદ જિલ્લા પ્રભારી મંત્રીશ્રીઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

### પ્રજાહિતને ધ્યાનમાં રાખી તાલુકા સ્તરેથી ઝીણવટપૂર્વક આયોજન કરવા મંત્રીશ્રીએ સૂચન કર્યું



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાં કલેક્ટર કચેરી ખાતે વિકેન્દ્રિત જિલ્લા આયોજન મંડળની મહત્ત્વપૂર્ણ બેઠક અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જિલ્લા આયોજન મંડળના ઉપાધ્યક્ષ અને અમદાવાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, તથા સહ ઉપાધ્યક્ષ અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે., મેયર શ્રીમતી પ્રતિભા જૈન ઉપરાંત જિલ્લાભરના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીર પટેલ સહિતના જિલ્લાના પદાધિકારીશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા આયોજન મંડળની બેઠકમાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, જનસમૂહની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તે રાજ્ય સરકારની પ્રાથમિક ફરજ છે. આ માટે રાજ્ય સરકાર પરિણામલક્ષી કામગીરી કરે છે. આ સુવિધાઓ ઊભી કરતાં વિકાસ કામો અને જનહિતલક્ષી કામોનું આયોજન ઉપરાંત તેનું અમલીકરણ એવું સુપેરે થવું જોઈએ કે ખર્ચાયા વિનાનો એક પણ રૂપિયો પરત જમા ન કરાવવો પડે. આ ઉપરાંત પ્રજાહિતને ધ્યાને રાખી તાલુ-કા સ્તરેથી ઝીણવટપૂર્વક આયોજન કરવા સૂચન કર્યું હતું.

જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત ખાસ કરીને પછાત વિસ્તાર સહિત વિવેકાધીન નગરપાલિકાનાં આયોજનો મંજૂર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યોજનાનું વર્ષ ૨૦૨૪-૨૫નું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું.

જિલ્લાના નવ તાલુકા અને છ નગર પાલિકાના મળી કુલ રૂા.૧૨.૫૩ કરોડનાં ૫૨૭ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં. જેમાં નવ તાલુકાના રૂા.૧૦૮૧.૭૫ લાખના કુલ ૫૦૬ કામો મંજૂર કરવામાં આવ્યાં. જ્યારે છ નગર પાલિકાના રૂા.૧૭૧.૩૩ કરોડનાં ૨૧ કામો મંજૂર કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૬ નગરપ ાલિકાને ૨૫-૨૫ લાખ લેખે કુલ ૧૫૦ લાખનાં કામો વિવેકાધીન યોજના પેટે મંજૂર કરવામાં આવ્યાં છે.

આ બેઠકમાં જિલ્લા આયોજનની વિવિધ જોગવાઈઓ હેઠળ અગાઉ મંજૂર થયેલાં કાર્યોની સમીક્ષા પણ હાથ ધરવામાં આવી હતી. બાકી રહેલાં કામો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા આયોજન મંડળની બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના જિલ્લા નિરીક્ષક શ્રી આર. એ.પટેલ તથા જિલ્લાના આયોજન અધિકારી ડો. શ્રદ્ધા બારોટ સહિતના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, અમદાવાદના વિવિધ તાલુકાઓના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ અમદાવાદ જિલ્લાની વિવિધ નગર પાલિકાઓના પ્રમુખશ્રીઓ તથા ચીફ ઑફિસરો સામેલ થયા હતા.

# યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ લો ખાતે SVEEP અંતર્ગત યુવા મતદારો માટે ટોક શો યોજાયો



। (માહિતી) વડોદરા, તા.૨ ।

આવનાર લોકસભા ચૂંટણીમાં વધુમાં વધુ યુવા મતદારો જોડાય તેવા ઉદ્દેશ્ય સાથે જિલ્લા વહીવટી તંત્ર અને એમ. એસ. યુનિવર્સિટી-ના સંયુક્ત ઉપક્રમે મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી બી.એ. શાહના માર્ગદર્શન હેઠળ એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ લૉ ખાતે જર્દ્રી અંતર્ગત ટોક શો સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત રિટર્નિંગ ઓફિસર દક્ષેશ મકવાણા દ્વારા યુવા મતદારોને મતદાન અંગે મુંઝવતા પ્રશ્નોના જવાબ આપીને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં ઉપસ્થિત યુવા મતદારો માટે ઈ.વી.એમ.નું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચૂંટણી પંચ દ્વારા નિમણુંક મેળવેલ કેમ્પસ એમ્બેસેડર દ્વારા આ કાર્યક્રમના આયોજનમાં ખુબજ મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ચૂંટણી વિષયક પ્રશ્નોતરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત રિટર્નિંગ ઓફિસરની ઉપસ્થિતિમાં ઉપસ્થિત યુવા મતદારો અચૂક મતદાન કરવાના માટે સંકલ્પબદ્ધ થયા હતા. આજરોજ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ કમ્યુનિટી સાયન્સ ખાતે યુવા મતદારો માટે યુવા મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત રિલ્સ અને પોસ્ટર કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં મદદનીશ ચૂંટણી અધિકારી દક્ષેશ મકવાણા, સ્વિપના કો ઓર્ડીનેટર ડો.સુધીર જોષી, લૉ ફેકલ્ટીના ઓ.એસ.ડી. પ્રો.ડૉ.ઉમા ઐયર, કેમ્પસ એમ્બેસેડર અને યુવા મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# “નારી શક્તિ વંદના કાર્યક્રમ” ની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુની અધ્યક્ષતામાં કલેકટર કચેરીનાં સભાખંડ ખાતે બેઠક યોજાઈ



। (માહિતી) રાજપીપળા, તા.૨ ।

નર્મદા જિલ્લામાં આગામી તા.૬ માર્ચના રોજ જિલ્લાની ૨ વિધાનસભા મત વિસ્તાર રાજપીપલા શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિધાલય સંકુલ તેમજ દેડીયાપાડા પીઠા ગ્રાઉન્ડ ખાતે સખી મંડળની લાભાર્થી બહેનોની હાજરીમાં ‘‘નારી શકિત વંદના કાર્યક્રમ’’નું આયોજન કરવામાં આવેલ છે.

‘‘નારી શક્તિ વંદના કાર્યક્રમ’’ ની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજરોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુની અધ્યક્ષતામાં કલેકટર કચેરીનાં સભાખંડ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સમગ્ર કાર્યક્રમ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલા તમામ અધિકારીશ્રી/કર્મચારઓએ નિષ્ઠા અને જવાબદારીપૂર્વક ફરજો બજાવવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં પાર્કિંગ સ્થળ તેમજ અન્ય તમામ સ્થળો ખાતે કાયદો અને વ્યવસ્થાની જાણવણી, સ્ટેજ વ્યવસ્થા, નાગરીકોને લાવવા/લઈ જવાની અને બેસવા તેમજ જમવા/પાણી માટેની વ્યવસ્થા, પાર્કિંગની કામગીરી સહિતની વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રાયોજના વહીવટદારશ્રી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેકટર શ્રી સી. કે. ઉંધાડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે. કે. જાદવ, રાજપીપલા નોડલ અને પ્રાંત અધિકારીશ્રી ડો. કિશનદાન ગઢવી સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુપર ફૂડ મિલેટસને પ્રોત્સાહન આપવા માટે સુરતના આંગણે ત્રિ-દિવસીય ‘મિલેટ મહોત્સવ’ને ખૂલ્લો મૂકતા જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ

### મિલેટ મહોત્સવની મુલાકાત લેવા સાથે નાગરિકોને સ્વસ્થ-આરોગ્યમય જીવન માટે જાડા ધાન્યોનો આહારમાં સમાવેશ કરવા અનુરોધ

। (માહિતી) સુરત, તા.૨ ।

ભારતના પરંપરાગત જાડા ધાન્યો (શ્રીઅન્ન)ને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠીત કર્યા છે. માનવ સ્વાસ્થ્ય માટે આવશ્યક શ્રીઅન્નના મહત્વ અંગે લોકજાગૃતિ કેળવવા રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા તા.૧ થી ૩ માર્ચ, ૨૦૨૪ દરમિયાન ત્રિ-દિવસીય ‘‘મિલેટ મહોત્સવ’’ને જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના હસ્તે ખુલ્લો મુકાયો હતો.

મજુરાગેટ, દયાળજી અનાવિલ કેળવણી મડળ દયાળજી દેસાઈ ચોક ખાતે આયોજિત મિલેટ્સ મહોત્સવમાં દક્ષિણ ગુજરાતના ખેડૂતો, સખીમંડળો દ્વારા ઉત્પાદિત વિવિધ ૫૦ મિલેટ્સ સ્ટોલમાં થી ખરીદી કરવાની તક છે તેમજ શહેરીજનો મિલેટ્સમાંથી બનાવવામાં આવેલી સુપરફુડની વાનગીઓનો સ્વાદ પણ માણી શકશે. આ પ્રસંગે સંયુકત ખેતી નિયામક શ્રી કે. વી. પટેલે(વિસ્તરણ)જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ૨૦૨૩ના વર્ષને મિલેટસ વર્ષ તરીકે ઉજવણી



કરવામાં આવી હતી. શારીરિક સ્વાસ્થ્ય માટે આપણે પ્રકૃતિ તરફ વળવુ પડશે.

આજે ફાઈવસ્ટાર હોટેલોમાં મિલેટ્સની વાનગીઓનું ચલણ વધ્યું છે, જેથી ખેડૂતોએ મિલેટસ પાકોનું ઉત્પાદન વધારવું પડશે. નિરોગી અને તંદુરસ્ત રહેવા માટે મિલેટસનો ખોરાકમાં ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી એસ.બી. ગામીતે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા મિલેટ્સની પાકોને પ્રોત્સાહન મળી રહે તે માટે આ વર્ષે પણ મિલેટ્સ મહોત્સવનું આયોજન કરાયું છે.

# આણંદ જિલ્લાના શાકભાજીના ધરૂ ઉછેર કરતા ખેડુતો માટે એક દિવસીય તાલીમ યોજાઇ

। (માહિતી) આણંદ, તા.૨ ।

આણંદ જિલ્લામાં શાકભાજી/બાગાયતી પાકોની ખેતીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે આ સમયમાં ખેડૂતોને અધ્યતન તકનિક અંગે નિદર્શન, માર્ગદર્શન અને તાલીમ મળી રહે જેથી તેઓ સારું વાવેતર કરી આર્થિક ઉન્નતિ સાધી શકે તે હેતુથી નાયબ બાગાયત નિયામકની કચેરી, આણંદ દ્વારા ‘‘સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ’’ અંતર્ગત એક દિવસીય તાલીમનું સાંબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આવેલ વદરાડ ખાતે એક દિવસીય તાલીમ યોજાઇ હતી. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના શાકભાજી પાકના ધરૂ ઉછેર કરતા ૫૨ (બાવન) ખેડૂતોને અધ્યતન તકનિક અંગેનું નિદર્શન અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. સેન્ટર ઓફ એકસલન્સ ફોર વેજીટેબલ્સ ખાતે ખેડુતોને હાઈટેક ફેન પેડ ગ્રીનહાઉસ, વિવિધ ઊંચાઈના પોલીહાઉસ, જુદા જુદા શેડનેટ હાઉસ, ઈન્સેટ નેટ હાઉસ, વોકિંગ ટનલનો દ્વારા ટામેટી, કાકળી,મરચા સ્ટ્રોબેરી,શક્કર ટેટી જેવા શાકભાજી પાકની આધુનિક ખેતી ઉપરાંત શાકભાજીના રોગ મુકત ધરૂ કઇ રીતે ઉછેર કરી શકાય અને કેવી રીતે વેજિટેબલ ગ્રાફ્ટિંગ દ્વારા શાકભાજીના રોપા બનાવી શકાય તેની વિશે તાલીમ આપવામાં આવી હતી.

### વડોદરામાં ત્રિ-દિવસીય મિલેટ્સ મહોત્સવનો શુભારંભ

# મેયર શ્રીમતી પિન્કીબેન સોનીના હસ્તે મિલેટ્સ એક્સ્પોનું ઉદ્દ્ઘાટન



। (માહિતી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરના અકોટા સ્ટેડિયમ ખાતે આયોજિત ત્રિ-દિવસીય મિલેટ્સ મહોત્સવને મેયર શ્રીમતી પિંકીબેન સોનીએ શહેરીજનો માટે ખુલ્લો મૂક્યો હતો. તા. ૦૩ માર્ચ સુધી સાંજે ૪ થી રાત્રે ૧૦ કલાક સુધી આ મિલેટ એક્સ્પો ચાલશે, જ્યાં પ્રદર્શન સહ વેચાણ માટેના ૫૦ સ્ટોલ છે.

મેયર શ્રીમતી પિંકીબેન સોનીએ ઉપસ્થિત સૌને દૈનિક આહારમાં મિલેટ્સનો સમાવેશ કરવાનો અનુરોધ કરી ‘મિલેટ્સ ફોર ઈન્ડિયા, મિલેટ્સ ફોર હેલ્થ’ સૂત્રનું ઉચ્ચારણ કર્યું હતું. મિલેટ્સ એ માનવજાત અને પર્યાવરણ બંને માટે સ્વાસ્થ્યકારક છે, તેમ જણાવી તેમણે યુવા પેઢીને જંક ફૂડથી દૂર થઈને શ્રી અન્ન સમાવિષ્ટ આહારશૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આજે સમગ્ર વિશ્વ મિલેટ્સનું મહત્વ જાણે છે, ત્યારે જાડુ ધાન્ય તો આપણી કૃષિપ્રધાન દેશની સંસ્કૃતિ અને પરંપરા છે, તેમ જણાવી શ્રીમતી સોનીએ ભારતના સ્વાસ્થ્ય વૈભવની વાત કરી હતી. મિલેટ્સ મહોત્સવ જેવા સાર્થક આયોજન થકી નવી પેઢી શ્રી અન્નના ફાયદાઓ અને ગુણોથી જાગૃત થશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબેન મહિડાએ પણ શ્રી અન્નને લોકોની સુખાકારી અને ખેડૂતોની આર્થિક સદ્ધરતાનો પાયો ગણાવ્યું હતું. મિલેટ ક્રાંતિ માટે તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા જણાવ્યું હતું કે, શ્રી અન્ન એ આજના સમયની જરૂરિયાત છે. આજની પેઢી વજન ઘટાડવા અને ફીટ રહેવા માટે ડાયટ પાછળ ખૂબ ખર્ચ કરે છે, પરંતુ અનેક પોષક તત્વોથી ભરપૂર એવા જાડા ધાન્યથી તેઓ અજાણ છે. શ્રીમતી મહિડાએ શહેરીજનોને આ મિલેટ્સ મહોત્સવ દરમિયાન સ્ટોલની મુલાકાત લેવા ખાસ અનુરોધ કર્યો હતો.

# ગોધરા ખાતે રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી અને પ્રભારી મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

। (માહિતી બ્યુરો) ગોધરા, તા.૨ ।

રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી અને પંચમહાલના પ્રભારી મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને આજરોજ ગોધરા કલેકટર કચેરી,સભાખંડ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં બેઠકની શરૂઆત જિલ્લા કલેકટરશ્રી, પંચમહાલ દ્વારા અધ્યક્ષશ્રીનું સ્વાગત કરી બેઠકમાં ઉપસ્થિત તમામનું સ્વાગત કરીને બેઠકની કાર્યવાહી શરૂ કરી હતી. સદર બેઠકમાં પંચમહાલ જિલ્લામાં ૧૫% વિવેકાધીન અને ૫% પ્રોત્સાહક જોગવાઈ (તાલુકા કક્ષા અને નગર પાલિકા કક્ષા)ના તાલુકાવાર અને નગર પાલિકાવાર રજુ થયેલ આયોજન વંચાણે




લઈ રજુ થયેલ વર્ષ ૨૦૨૪-૨૫ના કુલ રૂ.૧૦૧૩.૭૮ લાખના ૭૧૨ વિકાસના કામોને સરકારશ્રીની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને મંજુર કરવામાં આવ્યા હતા.જેમાં ગોધરા તાલુકામાં ૧૫૦.૨૫ લાખના ૧૪૩ કામો, કાલોલ તાલુકામાં ૧૨૦.૫૦ લાખના ૧૦૨ કામો, ઘોઘંબા તાલુકામાં ૧૨૫ લાખના ૧૦૪ કામો, હાલોલ તાલુકામાં ૧૪૪ લાખના ૭૬ કામ, જાંબુઘોડા તાલુકામાં ૧૨૫ લાખના ૬૦ કામ,શહેરા તાલુકામાં ૧૨૭.૫૦ લાખના ૮૯ કામ, મોરવા(હ) તાલુકામાં ૧૨૯ લાખના ૧૧૭ કામ, ગોધરા નગરપાલિકાના ૨૫.૫૩ લાખના ૬ કામ, કાલોલ નગરપાલિકાના ૨૫ લાખના ૦૫ કામ, હાલોલ નગર પાલિકાના ૧૫.૫૦ લાખના ૦૩ કામ તથા શહેરા નગરપાલિકાના ૨૬.૫૦ લાખના ૦૭ વિકાસના કાર્યો મંજુર કરાયા હતા.

આ સાથે અધ્યક્ષસ્થાનેથી જિલ્લામાં શરૂ ન થયેલ તથા પ્રગતિ હેઠળના તમામ કામોની સબંધિત અમલીકરણશ્રીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સને ૨૦૨૦-૨૧ થી સને ૨૦૨૩-૨૪ના કામો તાત્કાલિક પૂર્ણ કરવા તથા તેના ખર્ચનું ચુકવણું પણ નીયત સમયમર્યાદામાં કરવા સુચના આપવામાં આવી.મંત્રીશ્રીએ પંચમહાલ જિલ્લામાં વિકાસના વિવિધ કાર્યો સમયસર પૂર્ણ કરવા બદલ જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાધર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ઘર માં કોઈ ફંકશન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારા બાળકો સાથે તંદુરસ્ત સંબંધને પ્રોત્સાહન આપો. ભૂતકાળને ભૂલાવી ને આગળ આવનારા ઝળહળતા તથા ખુશહાલ સમય પર મીટ માંડો. તમારા પ્રયત્નો ફળદાયી નીવડશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. આજે તમારો પ્રણય સાથી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારી પૂર્વક ચકાસજો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમય પત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પ ાર્ટીમાં હાજરી આપજો. આનાથી તમે ન માત્ર દબાણમાંથી મુક્ત થશો બલ્કે તમારો ખચકાટ પણ દૂર થશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

### આ નિર્ણયથી બધાને ચોંકાવી દીધા

## ગૌતમ ગંભીરે રાજકારણથી દૂર થવાનો નિર્ણય લીધો

### ગૌતમ ગંભીર માર્ચ ૨૦૧૯માં ભાજપમાં સામેલ થયો હતો, ગૌતમ ગંભીર પૂર્વ દિલ્હી લોકસભા સીટથી બીજેપની સાંસદ છે

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૨ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા ભારતીય જનતા પાર્ટીના સાંસદ ગૌતમ ગંભીરે એક મોટો નિર્ણય લઈને બધાને ચોંકાવી દીધા છે. ગૌતમ ગંભીરે રાજકારણથી દૂર થવાનો નિર્ણય લીધો છે. તેણે કહ્યું કે તે ક્રિકેટને કારણે પોતાની રાજકીય જવાબદારીઓમાંથી મુક્ત થવા માંગે છે. તેમણે પાર્ટી પ્રમુખને ફરજમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે. તેમણે પીએમ મોદી અને અમિત શાહનો પણ આભાર માન્યો હતો. ગૌતમ ગંભીર માર્ચ ૨૦૧૯માં ભાજપમાં સામેલ થયો હતો. ગૌતમ ગંભીર પૂર્વ દિલ્હી લોકસભા સીટથી બીજેપની સાંસદ છે. તે ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં જીતીને સંસદમાં પહોંચ્યો હતો. તે ૬.૯૫,૧૦૯ વોટના અંતરથી જીત્યો હતો. ગૌતમ ગંભીર વર્ષ ૨૦૧૧માં વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાનો ભાગ રહી ચૂક્યો છે. આટલું જ નહીં, તેણે ૨૦૧૧ વર્લ્ડ કપમાં પોતાની બેટિંગથી મોટું યોગદાન આપ્યું હતું.ગૌતમ ગંભીરે ૧૪૭ ODI ક્રિકેટ રમી છે, જેમાં તેણે ૫૨૩૮ રન બનાવ્યા છે, જેમાં ૧૧ સદી અને ૩૪ અડધી સદી સામેલ છે. ગત વખતે ગૌતમ ગંભીર લખનૌ સુપર જાયન્ટ્સનો મેન્ટર હતો, પરંતુ આ વર્ષે તે KKR સાથે જોડાયો છે. લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે રાજકીય પક્ષો અને તેમના નેતાઓને જાતિ, ધર્મ અને ભાષાના આધારે વોટ માંગવાથી દૂર રહેવા જણાવ્યું હતું. ઉપરાંત, તેણે ભક્ત અને ભગવાન વચ્ચેના સંબંધની મજાક ન કરવા પણ જણાવ્યું. રાજકીય પક્ષોને જારી કરાયેલ એડવાઈઝરીમાં પંચે કહ્યું કે નૈતિક ઠપકો આપવાને બદલે આચારસંહિતાનું ઉલ્લંઘન કરનારા ઉમેદવારો અને સ્ટાર પ્રચારકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા અન્ય કોઈ પૂજા સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન કરવો જોઈએ.

### ગાવસ્કરે ધ્રુવ જુરેલની સરખામણી ધોની સાથે કરી

## જુરેલે સારી બેટિંગ કરી, ધોનીને ધોની બનતા ૧૫ વર્ષ થયા : ગાંગુલી

### મને સૌથી વધુ પ્રભાવિત કરે છે તે તેની ક્ષમતા, સ્પિનર રમવાની યોગ્યતા, ઝડપી બોલરો સામે રમવાની ક્ષમતા

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૨ ।

ઈંગ્લેન્ડ સામેની રાંચી ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન બદલ ક્રિકેટ નિષ્ણાતોએ ધ્રુવ જુરેલના વખાણ કર્યા છે. તેણે પ્રથમ દાવમાં ૯૦ રન અને બીજી ઈનિંગમાં ૩૯ રન બનાવીને ઈંગ્લેન્ડ સામે ભારતની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જેથી તેને પ્લેયર ઓફ ધ મેચ પણ જાહેર કરવામાં આવ્યો હતો. ધ્રુવ જુરેલનું આ પ્રદર્શન જોઈને પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કર પણ ગદગદ થઈ ગયા હતા. તેણે આ યુવા વિકેટ કીપરની સરખામણી એમએસ ધોની સાથે કરી. જો કે, સૌરવ ગાંગુલી તેના નિવેદનથી નાખુશ થઈને આ બાબતે જોરદાર જવાબ આપ્યો હતો.

જુરેલે તેની બીજી ટેસ્ટ મેચમાં અડધી સદી ફટકારી હતી. તેને ધ્યાનમાં લઈને મેચ દરમિયાન કોમેન્ટ્રી કરતા ગાવસ્કરે કહ્યું હતું કે, " જુરેલે સારી બેટિંગ કરી છે, પરંતુ તેની કીપિંગ, સ્ટમ્પ પાછળ તેનું કામ પણ એટલું જ શાનદાર રહ્યું છે. તેની રમત બાબતે જાગૃતિને જોતા હું કહેવા માંગુ છું કે તે બીજા ઉભરતા એમએસ ધોની છે. હું જાણું છું કે કોઈપણ બીજો એમએસડી ક્યારેય ન બની શકે, પરંતુ આપણે જાણીએ છીએ કે જુરેલ પાસે પ્રેઝેન્સ ઓફ માઈન્ડ છે. જયારે ધોનીએ શરૂઆત કરી હતી ત્યારે તે એવો જ હતો અને જુરેલ પાસે પણ રમત પ્રત્યે એવી જ જાગૃતિ છે. તે સ્ટ્રીટ-સ્માર્ટ ક્રિકેટર છે." ગાવસ્કરના આ નિવેદન પર સૌરવ



ગાંગુલીએ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, "એમએસ ધોની એક અલગ લીગનો ખેલાડી છે. જુરેલ પાસે પ્રતિભા છે, તેમાં કોઈ શંકા નથી... પરંતુ એમએસ ધોનીને એમએસ ધોની બનવામાં ૧૫-૨૦ વર્ષ લાગ્યાં. તેથી તેને (જુરેલને) રમવા દો." ધ્રુવ જુરેલ વિશે વધુમાં તેમણે કહ્યું હતું કે, "મને સૌથી વધુ પ્રભાવિત કરે છે તે તેની ક્ષમતા... સ્પિનર રમવાની તેની યોગ્યતા...ઝડપી બોલરો સામે રમવાની તેની ક્ષમતા...સૌથી મહત્ત્વનું પ્રેશરમાં રમવાની તેની ક્ષમતા, જે તમે એક યુવા ખેલાડીમાં જોવા માંગો છો. તેનો સ્વભાવ પણ સારો છે."

### નબળી ટેક્નોલોજીને લીધે પાકિસ્તાન લિગ ફરી ચર્ચામાં

## પાક. ટીવી પર મેચની છેલ્લી ઓવરમાં હાસ્યાસ્પદ વિન ફોરકાસ્ટ આવ્યો

### રધરફોર્ડે ફાઈન લેગ તરફ છેલ્લા બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાની ટીમને જીત અપાવી

। **(એજન્સી)** ક્વેટા, તા.૨ ।

પાકિસ્તાન સુપર લીગ ફરી એકવાર તેની નબળી ટેક્નોલોજીના કારણે સમાચારમાં છે. તાજેતરમાં, પીએસએલમાં ઉપયોગમાં લેવાતા નબળા ડીઆરએસને કારણે, આ લીગની વિશ્વભરમાં મજાક ઉડાવવામાં આવી હતી અને આ વખતે તેણે હદ વટાવી દીધી છે. ૨૯ ફેબ્રુઆરીની રાત્રે, પાકિસ્તાન સુપર લીગ ૨૦૨૪ની ૧૬મી મેચ કરાચી કિંગ્સ વિ ક્વેટા ગ્લેડીયેટર્સ વચ્ચે રમાઈ હતી. છેલ્લી ઓવરમાં રોમાંચ એટલો વધી ગયો હતો કે મેચ કોઈપણ ટીમના પક્ષમાં જઈ શકતી હતી. આવી સ્થિતિમાં ટીવી પર જ્યારે વિન ફોરકાસ્ટ આવ્યો તો ફેન્સ હસવાનું રોકી શક્યા નહીં. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા કરાચી કિંગ્સે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૬૫ રન બનાવ્યા હતા. આ સમય દરમિયાન એક પણ બેટ્સમેન ૪૦ રનનો આંકડો પાર કરી શક્યો ન હતો.જેમ્સ વિન્સ ૩૭ રન સાથે તેમનો હાઈએસ્ટ સ્કોરર હતો. આ સ્કોર સુધી પહોંચવા જેસન રોય અને સઈદ શકીલની ઓપનિંગ જોડીએ ક્વેટા ટીમને શાનદાર શરૂઆત અપાવી અને પ્રથમ વિકેટ માટે ૫૭ રન જોડ્યા. પરંતુ આ જોડીના બ્રેકઅપ બાદ ક્વેટાની ટીમ ફફડી ગઈ હતી. ક્વેટાને ૨ બોલમાં ૩ રનની જરૂર હતી. રધરફોર્ડે ઓવરના પાંચમા બોલ પર થર્ડ મેન પર શોટ રમ્યો અને બે રન બનાવ્યા. આ દરમિયાન તેણે પોતાની વિકેટનું જોખમ પણ લીધું, પરંતુ તે બચી ગયો. આ પછી, તેણે ફાઈન લેગ તરફ છેલ્લા બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાની ટીમને જીત અપાવી અને હીરો બન્યો. રધરફોર્ડને તેની ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો. તે ૩૧ બોલમાં ૧ ફોર અને ૬ છગ્ગાની મદદથી ૫૮ રન બનાવ્યા હતા.

## પ્રો કબડ્ડી લીગ ફાઈનલમાં હરિયાણા સ્ટીલર્સને ૨૮-૨૫થી હરાવી પુનેરી પલ્ટને પ્રથમ વખત ટાઈટલ જીત્યું

। **(એજન્સી)** હૈદરાબાદ, તા.૨ ।

પુનેરી પલ્ટને તેના ઓલરાઉન્ડ પ્રદર્શનના આધારે પ્રથમ વખત પ્રો કબડ્ડી લીગ (PKL) ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો છે. શુક્રવારે હૈદરાબાદના જીએમસી બાલયોગી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ (ગાચીબોવલી) ખાતે રમાયેલી ૧૦મી સિઝનની ફાઈનલ મેચમાં પલ્ટન ટીમે તેની બીજી ફાઈનલ રમતા હરિયાણા સ્ટીલર્સને ૨૮-૨૫થી હરાવ્યું હતું. હરિયાણાની ટીમ પ્રથમ વખત ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ તેમનું ટાઈટલ જીતવાનું સપનું ચકનાચૂર થઈ ગયું હતું.

ચેમ્પિયન પુનેરી પલ્ટનની આ ટાઈટલ જીતમાં પંકજ મોહિતે સૌથી મોટો સ્ટાર હતો, જેણે નવ પોઈન્ટ બનાવ્યા હતા. તેણે એક રેઈડમાં ચાર પોઈન્ટની કિંમતનો સુપર રેઈડ પણ બનાવ્યો અને તે જ રેઈડ ફાઈનલમાં મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો. તેમના સિવાય મોહિત ગોયતે પાંચ પોઈન્ટ, ગૌરવ ખત્રી અને કેપ્ટન અસલમ ઈનામદારે ચાર-ચાર પોઈન્ટ બનાવ્યા હતા. હરિયાણા સ્ટીલર્સ તરફથી શિવમ પટારે એકમાત્ર લડાઈ લડી રહ્યો હતો, જેણે છ પોઈન્ટ મેળવ્યા હતા. છેલ્લી મિનિટોમાં મેટ પર આવેલા સિદ્ધાર્થ દેસાઈએ ચાર પોઈન્ટ મેળવ્યા હતા.

આ ટાઈટલ મેચમાં હરિયાણા સ્ટીલર્સની શરૂઆત સારી રહી ન હતી અને પુનેરી પલ્ટને પોઈન્ટ લેવાનું શરૂ કર્યું હતું. તેની બીજી ફાઈનલ રમી રહેલી પુનેરીએ રમતની પ્રથમ પાંચ મિનિટમાં ૩-૦ની લીડ મેળવી હતી. જોકે, આ પછી હરિયાણા ડિફેન્સમાં ગયું અને પોતાનો પહેલો પોઈન્ટ બનાવ્યો. ત્યારબાદ સ્ટીલર્સે સાતમી મિનિટે સ્કોર ૩-૩થી બરાબરી કરી લીધો હતો. આમ છતાં કોચ મનપ્રીત સિંહની ટીમ પ્રથમ ૧૦ મિનિટની રમતમાં એક પોઈન્ટથી પાછળ હતી. દરમિયાન, રાહુલ સેઠપાલે કરો યા મરો મેચમાં પુનેરીના ખેલાડીનો સામનો કરીને હરિયાણાને ૪-૪થી ડ્રો કરાવ્યું હતું. આજની ફાઈનલ મેચમાં બંને ટીમોનો ડિફેન્સ સર્વશ્રેષ્ઠ હતો અને પોતાની ટીમ માટે સતત પોઈન્ટ લઈ રહી હતી. પ્રથમ વખત ફાઈનલ રમી રહેલા હરિયાણા માટે શિવમ પટારેએ ફરી એકવાર ૧૨મી મિનિટે સ્કોર ૬-૬થી બરાબર કરી દીધો હતો.

### ૨૫ મે સુધી ટીમમાં ફેરફાર કરી શકાય છે

## ટી૨૦ વિશ્વકપ માટેની ટીમ ઈન્ડિયાની જાહેરાત ૧ મેએ થશે

### અમેરિકા-વેસ્ટ ઈન્ડિઝમાં રમાનાર ટી૨૦ વિશ્વકપમાં ભારત અભિયાનની શરૂઆત આયર્લેન્ડ વિરુદ્ધ ૫ જૂને કરશે

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૨ ।

૨ જૂનથી શરૂ થઈ રહેલા આઈસીસી ટી૨૦ વિશ્વકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત ૧ મેએ થશે. પરંતુ ૨૫ મેચ સુધી ટીમમાં ફેરફાર કરી શકાશે. અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાનાર ટી૨૦ વિશ્વકપમાં ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત આયર્લેન્ડ વિરુદ્ધ ૫ જૂને કરશે. ૨૯ જૂને ટી૨૦ વિશ્વકપનો ફાઈનલ મુકાબલો રમાશે. આઈસીસીએ દરેક ટીમોની સામે ૧૫ ખેલાડીઓની પસંદગી કરવા માટે ૧ મેનો સમય આપ્યો છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ પ્રમાણે બીસીસીઆઈ તરફથી ૧ મેએ ટીમની જાહેરાત કરવામાં આવશે. ૧ મે સુધી આઈપીએલમાં ઘણી મેચ રમાઈ ચુકી હશે અને આ દરમિયાન સારૂ પ્રદર્શન કરનાર ખેલાડીઓને મહત્વ મળી શકે છે. એટલું જ નહીં ૨૫ મે સુધી ટીમમાં ફેરફાર કરી શકાશે. તેવામાં આઈપીએલ ફાઈનલ પહેલા સુધી ટીમમાં ફેરફાર જોવા મળી શકે છે. આઈપીએલ ફાઈનલ ૨૬ મેએ રમાશે.

પરંતુ ભારતીય ક્રિકેટ બોર્ડ તરફથી પહેલા જ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે ટી૨૦ વિશ્વકપમાં ભારતીય ટીમની કમાન રોહિત શર્મા સંભાળશે. આ સિવાય હાર્દિક પંડ્યા આ મેગા ટૂર્નામેન્ટમાં વાઈસ કેપ્ટન હશે. આ સિવાય વિરાટ કોહલી પણ ટી૨૦ વિશ્વકપ માં રમી શકે છે. જ્યારે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને અર્શદીપ સિંહ ટી૨૦ વિશ્વકપમાં બોલિંગની કમાન સંભાળી શકે છે. રોહિત શર્માની સાથે ઓપનિંગની જવાબદારી યશસ્વી જયસ્વાલ સંભાળી શકે છે. સૂર્યકુમાર યાદવ નંબર ચાર પર રમી શકે છે. તો વિકેટકીપર તરીકે સંજૂ સેમસન કે જિતેશ સર્માને તક મળી શકે છે. આ સિવાય રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ અને રવિ બિશ્નોઈ સ્પિનર તરીકે ટીમમાં સામેલ થઈ શકે છે.

### પાકિસ્તાન સુપર લિગમાં ભારે હોબાળો

## પીએસએલમાં મેચ પહેલાં કરાચી કિંગ્સના ૧૩ ખેલાડી અચાનક બિમાર

। **(એજન્સી)** કરાચી, તા.૨ ।

હાલમાં પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ૨૦૨૪ સીઝન રમાઈ રહી છે. પરંતુ આ દરમિયાન ગુરુવારે પીએસએલમાં જોરદાર હોબાળો થયો જ્યારે કરાચી કિંગ્સની ટીમના ૧૩ ખેલાડીઓ મેચ પહેલા અચાનક બીમાર પડી ગયા હતા. દરેકને પેટમાં દુઃખાવો અને વોમિટની ફરિયાદ હતી. ગુરુવારે પીએસએલમાં કરાચી કિંગ્સ ટીમનો સામનો ક્વેટા ગ્લેડીયેટર્સ સાથે થયો હતો. ક્વેટાએ આ મેચ ૫ વિકેટે જીતી લીધી હતી. પરંતુ તે જ દિવસે મેચ પહેલા કરાચીની ટીમના ૧૩ ખેલાડીઓએ ફૂડ પોઈઝનિંગની ફરિયાદ કરી હતી. આવી સ્થિતિમાં ટીમ મેનેજમેન્ટને પ્લેઈંગ ૧૧ પસંદ કરવા માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે એકસાથે ૧૩ ખેલાડી માંદા પડતાં ફક્ત ૭ ખેલાડી બચી ગયા હતા. પાકિસ્તાની મીડિયા અનુસાર, આ ૧૩ ખેલાડીઓમાંથી એકની તબિયત એટલી ખરાબ થઈ ગઈ હતી કે તેને હોસ્પિટલમાં લઈ જવો પડ્યો હતો. જોકે, ટીમ મેનેજમેન્ટને પણ આશા હતી કે મેચ શરૂ થાય ત્યાં સુધીમાં તમામ ખેલાડીઓ ઠીક થઈ જશે.

### ભારતીય ક્રિકેટમાં ફરી એકવાર ફિક્સિંગનું ભૂત ધૂણ્યું

## કોલકાતામાં ફર્સ્ટ ક્લાસ લિગ ક્રિકેટ મેચમાં ફિક્સિંગનો આરોપ

। **(એજન્સી)** કોલકતા, તા.૨ ।

ભારતીય ક્રિકેટમાં ફરી એકવાર ફિક્સિંગનુ ભૂત ધૂણ્યુ છે. પૂર્વ ભારતીય ક્રિકેટર શ્રીવત્સ ગોસ્વામીએ એક વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા જ ખળભળાટ મચી ગયો હતો. તેમણે કોલકાતામાં ફર્સ્ટ ક્લાસ લીગ ક્રિકેટમાં મેચ ફિક્સિંગનો આરોપ લગાવ્યો છે. આ અંગે ગાંગુલીએ રિપોર્ટ પણ મંગાવ્યો છે. શ્રીવત્સ ગોસ્વામીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર બે વીડિયો શેર કરતા લખ્યું હતું કે બેટર બીજી ટીમને પોઈન્ટ આપવા માટે જાણી જોઈને પોતાની વિકેટ ગુમાવી રહ્યા છે. આ અંગેની નોંધ લેતા, ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (સીએબી)ના અધ્યક્ષે શ્રીવત્સ ગોસ્વામીના મેચ ફિક્સિંગના આરોપો પર ચર્ચા કરવા માટે તેની પ્રથમ-શ્રેણીની લીગની ટુર્નામેન્ટ સમિતિની એક બેઠક બોલાવી છે. ગોસ્વામીએ આરોપ લગાવ્યો છે કે મોહમ્મડન સ્પોર્ટિંગના બેટરો ટાઉન ક્લબને સાત પોઈન્ટ બનાવવા માટે જાણી જોઈને તેમની વિકેટ ગુમાવી રહ્યા હતા. ગોસ્વામીએ પોતાની ફેસબુક પોસ્ટમાં બે વીડિયો શેર કરતા લખ્યું હતું કે, 'આ કોલકાતા ક્લબ ક્રિકેટમાં સુપર ડિવિઝન મેચ છે, બે મોટી ટીમો આવું કરી રહી છે.

**વિશેષ** | ખેલ મહાકુંભથી શરૂ થયેલી હેતલ દામાની બોક્સિંગની સફરમાં અનેક મેડલના સ્વરૂપમાં ઉમેરાયાં સફળતાનાં સોપાન

## કચ્છમાં જન્મ, અમદાવાદમાં તાલીમ અને બોક્સિંગમાં રાષ્ટ્રીય સ્તરે ડંકો

### અમદાવાદના નિકોલમાં ચાલતા હાઈ પરફોર્મન્સ સેન્ટરમાંથી તાલીમબદ્ધ થઈને હેતલ દામાએ બોક્સિંગમાં જ્વલંત કારકિર્દી બનાવી








રમતગમતના ક્ષેત્રમાં ગુજરાત અને ગુજરાતીઓની છબી બદલાઈ રહી છે. જેના મૂળમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો ખેલ મહાકુંભનો વિચાર છે. જેને તાજેતરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની રમતગમતની સ્પર્ધાઓમાં ભારતીય ખેલાડીઓને મળતા મેડલના માધ્યમથી ચરિતાર્થ થતો જોઈ શકાય છે. તેનું જીવંત ઉદાહરણ બની છે રાજ્યના રણપ્રદેશ કચ્છ જિલ્લાના ગાંધીધામમાંથી આવતી ખેલાડી હેતલ દામા. બોક્સિંગમાં રસ ધરાવતી હેતલ દામાને ખેલ મહાકુંભે એક સબળ પ્લેટફોર્મ પૂરું પાડ્યું. ખેલ મહાકુંભમાં પસંદગી બાદ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને હેતલે ૨૦૧૮થી ૨૦૨૨ સુધી સતત પાંચ વર્ષ સુધી ગોલ્ડ મેડલ મેળવ્યા.

ખેલ મહાકુંભમાંથી મળેલા પ્રોત્સાહન અને પ્રેરણાથી હેતલે બોક્સિંગના ક્ષેત્રમાં જ આગળ જવાનું મન બનાવ્યું. ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૩ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ચાલતી સેન્ટર ફોર એક્સિલન્સ બિનનિવાસી યોજનાનો લાભ લીધા બાદ, તેણીએ ૦૩/૧૦/૨૦૨૩થી અમદાવાદના નિકોલ વિસ્તારમાં ચાલતા હાઈ પરફોર્મન્સ સેન્ટર ખાતે બોક્સિંગ એકેડેમીમાં પ્રવેશ મેળવી તાલીમ શરૂ કરી હતી. તાજેતરમાં ઉત્તરપ્રદેશ ખાતે યોજાયેલી ૨૦૨૩-૨૪ રાષ્ટ્રીય સ્પર્ધામાં સિનિયર નેશનલમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. જ્યારે ખેલો ઈન્ડિયા સ્પર્ધા ૨૦૨૩-૨૪માં મેડલ પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. હાલમાં જ સિક્કિમ ખાતે યોજાયેલી ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં હેતલ દામાએ ૫૪થી ૫૭ કિગ્રાની કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.

આમ, હેતલ દામા આજે કચ્છ જ નહીં, સમગ્ર ગુજરાત અને ભારતનું ગૌરવ બની ચૂકી છે. ત્યારે તે આ સફળતા બદલ સમગ્ર પરિવાર, તેને તાલીમ આપનાર કોચ અને વિશેષરૂપે રાજ્ય સરકારનો આભાર માને છે. ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય રમત-ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના સૂત્રને ધ્યેયવાક્ય બનાવીને રાજ્યસરકાર વિવિધ પ્રયાસો થકી ખેલકૂદના ક્ષેત્રમાં યુવાનોની મહત્તમ ભાગીદારી માટે કટિબદ્ધ છે.





# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રીમંડળનાં મંત્રીઓએ અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલલ્લાનાં શ્રદ્ધા પૂર્વક દર્શન-અર્ચન કર્યા



। અયોધ્યા, તા.૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રીમંડળનાં મંત્રીશ્રીઓએ અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલલ્લાનાં શ્રદ્ધા પૂર્વક દર્શન-અર્ચન કર્યા -- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા, પુરૂષાર્થ અને પ્રતિબદ્ધતાથી અયોધ્યાના રામમંદિરમાં અમૃતકાળમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા એ કરોડો ભારતીયો માટે અમૃત ઉત્સવ સમાન છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ -: મુખ્યમંત્રીશ્રી :- ● ગુજરાત સરકારે અયોધ્યામાં ગુજરાત યાત્રી ભવન માટે આ વર્ષના બજેટમાં રૂ. ૧૦ કરોડ ફાળવ્યા છે. કુલ રૂ. ૫૦ કરોડનું આયોજન છે. ● ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમગ્ર ગુજરાત અને ગુજરાતીઓ માટે અત્યંત ગૌરવશાળી અવસર છે. ● રામમંદિર સાચા અર્થમાં રાષ્ટ્રની ચેતના અને રાષ્ટ્રના નવજાગરણનું કેન્દ્ર બન્યું છે. ● મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સહિત સમગ્ર દેશવાસીઓના સ્વાસ્થ્ય સુખાકારીની પ્રભુ શ્રી રામના ચરણોમાં વાંછના કરી ● વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત સતત



વિકાસની નવી ઊંચાઈઓ પ્રભુ શ્રી રામની કૃપાથી સર કરતું રહે તેવા આશિષ માંગ્યા.

## ન્યૂઝ બ્રિફ

### ૫ દિવસના વિરામ બાદ જૂનાગઢમાં માર્કેટ યાર્ડમાં કાચી કેરીની આવક

। (એજન્સી) જૂનાગઢ, તા.૨ ।

છેલ્લા પાંચ દિવસથી જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કાચી કેરીની આવક બંધ થઈ ગઈ હતી. આજે ફરીથી થોડા દિવસોના વિરામ બાદ બે ક્વિન્ટલ કેરીની આવક નોંધાઈ હતી. એક મણ કાચી કેરીનો ઊંચો ભાવ ૫,૦૦૦ રૂપિયા નોંધાયો હતો, જ્યારે નીચો ભાવ ૨,૫૦૦ રૂપિયા નોંધાયો હતો. કાચી કેરી સ્વાદે તો ખાટી હોય છે, પરંતુ હાલમાં તેનો ભાવ પણ ખાટો જોવા મળી રહ્યો છે. એક મણના ૫,૦૦૦ રૂપિયા ભાવ ચાલી રહ્યો છે. એટલે એક કિલોના ૨૫૦ રૂપિયા થયા. આજ કેરીનો ભાવ બજારમાં ૪૦૦ રૂપિયા સુધીના બોલાઈ રહ્યા છે. કારણ કે, સારી અને ગુણવત્તા યુક્ત કેરી જ્યારે લોકો ખરીદવા નીકળે ત્યારે તેમને સારા એવા કિંમત પણ ચૂકવવી પડે છે. હાલમાં નાની સાઈઝની અને ખાખડીની કિંમત ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી બોલાઈ રહી છે. આ વખતે કેરીની આવક મોડી નોંધાઈ છે અને કેરીનો પાક પણ દર વર્ષ કરતાં ઓછો નોંધાયો છે. એટલે આ વર્ષે કેરીનો ભાવ પણ ઊંચો રહેવાની શક્યતા છે. કારણ કે, જે રીતે હાલમાં કેરીની આવક દર વર્ષે નોંધાતી હોય છે, તે પ્રકારની કોઈપણ આવક અત્યારે હાલમાં બજારમાં જોવા મળી રહી નથી. હાલ હાફૂસ કેરીની આવક થઈ રહી છે, પરંતુ હજી કેસર કેરીની આવક તો હજુ બાકી છે અને હાલમાં જોવા જઈએ, તો આંબામાં પણ ક્યાંક ને ક્યાંક તાપમાનની ખરાબ અસરને લીધે પ્રતિકૂળતા જોવા મળી રહી છે અને પાક યોગ્ય રીતે જોવા મળતો નથી એટલે ખેડૂતો પણ હાલ આ પરિસ્થિતિને લીધે ચિંતામાં જોવા મળી રહ્યા છે.

### બિલ્ડરોના હિસાબ-કિતાબની ડાયરી ઈક્રમટેક્સ વિભાગને મળી

# રાજકોટમાં ૫૦૦ કરોડથી વધુના બેનામી વ્યવહાર મળ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટમાં ઓરબીટ ગ્રુપ અને લાડાણી એસોસીએટસ સાથે સંકળાયેલી જુદી-જુદી પેઢીઓમાં આવકવેરા વિભાગની હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન બિલ્ડરોના હિસાબ-કિતાબની ડાયરી ઈક્રમટેક્સ વિભાગને મળી છે. જેમાં ૫૦૦ કરોડ કરતા વધારેના બેનામી વ્યવહારો બહાર આવ્યા છે. ડાયરીમાં અનેક મોટા રોકાણકારો નામો ખુલ્યા છે. જેમના નામો ખુલ્યા તેમને ત્યાં પણ આગામી દિવસોમાં પૂછપરછ કરવામાં આવશે. ચાર દિવસમાં કરોડોના બેનામી વ્યવહારો બહાર આવ્યા છે. બેંકના લોકરો આવતા મહિને ખોલવામાં આવશે. આઈ.ટી ની સાથે જી.એસ.ટી ચોરી ની સંભાવના ના પગલે તપાસનો રિપોર્ટ જીએસટી વિભાગને સોંપ વામાં આવ્યો હતો. રાજકોટ બિલ્ડર એસોસીએશનનાં ઉપપ્રમુખ અને લાડાણી એસોસીએટસનાં દિલીપભાઈ લાડાણી તેમજ વિનેશ પટેલનાં ઓરબીટ ગ્રુપ સાથે સંકળાયેલી ૪૦ સહયોગી પેઢીઓ ઉપર આવકવેરાનાં ૧૫૦થી વધુ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બંને ગ્રુપ સાથે સંકળાયેલી સહયોગી પેઢી વર્ધમાન, સ્વસ્તિક, ગેલેકસી, દેવિકા ફાઈનાન્સ ઉપરાંત રાધિકા કોર્પોરેશન સહિતની સહયોગી પેઢીના ડાયરેકટરોનાં ઓફિસ રહેઠાણ તેમજ પ્રોજેકટનાં સ્થળો ઉપર આવકવેરા વિભાગનાં અધિકારીઓની ટીમ દ્વારા છાનબીન કરવામાં આવતાં કરોડો રૂા. નાં બિનહિસાબી આર્થિક વ્યવહારો મળી આવ્યા હતા. જુદી-જુદી ૩૫ થી ૪૦ જગ્યાએ કરવામાં આવેલી તપાસમાં કેટલીક ચોંકાવનારી વિગતો પણ જાણવા મળી હતી. બિલ્ડર ગ્રુપ દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં કરવામાં આવેલી જમીનની ખરીદી અંગે પેમેન્ટ કઈ રીતે કરવામાં આવ્યું હતું ? તેની તપાસ કરવામાં આવ્યા બાદ આ પ્રોજેકટમાં રોકાણ કરનાર આસામીઓ અને પ્રોપર્ટી બુક કરાવનાર ગ્રાહકોની વિગતો મેળવવામાં આવી હતી.

### ૩૦૦ વર્ષ જૂનો છે ઈતિહાસ

# વડોદરાના મહારાણીએ કરી હતી શિવાલયની સ્થાપના

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

શહેરની મધ્યમાં આવેલ સુરસાગર તળાવની ઉત્તર કિનારે જ્યુબિલી બાગ પાસે તારકેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. આ મંદિર મહારાણી જમનાબાઈ સાહેબ દ્વારા તેમની પુત્રી રાજકુમારી તારાબાઈની યાદમાં ૩૦૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યું હતું, જેનું ૨૭ વર્ષની નાની વયે અવસાન થયું હતું. મંદિરનું પ્રવેશદ્વાર શોપિંગ વિસ્તારની વચ્ચે આવેલું છે. વાસ્તવિક મંદિર એક પ્રાંગણની અંદર મૂકવામાં આવ્યું છે જેનું આયોજન દક્ષિણ-ભારતીય મંદિર જેવું છે, આંગણામાં લગભગ ૨-૩ વૃક્ષો છે, જે તેની શાંતિમાં વધારો કરે છે, મંદિર એક ઉંચા સ્તંભ પર બિરાજમાન છે અને તેમાં સભા મંડપ અને ગર્ભગૃહ છે, જેની ટોચ પર "શિખરા" છે. વર્ષો પહેલા આ મંદિરમાં ખૂબ જ જાહોજલાલી હતી પરંતુ સમય જતા ધીરે ધીરે બધું જ શાંત થઈ ગયું છે. આ મંદિરની ખાસિયત એ છે કે, મંદિરમાં બિરાજમાન નંદીના બંને કાનના કાણા ખુલ્લા રાખવામાં આવ્યા છે, સામાન્ય રીતે બીજા મંદિરોમાં બંધ કાન હોય છે. એક સમયે તો આ મંદિરમાં લગ્ન પ્રસંગ ઉજવાતા હતા તથા સામાજિક કાર્યો પણ ચાલતા હતા. તારકેશ્વર મહાદેવના પુજારી મંગેશભાઈ વાઘમારે એ રાજકુમારી તારાબાઈ વિશે જણાવ્યું હતું કે, વર્ષ ૧૮૭૦ માં, મહારાજા ખંડેરાવ અચાનક ખાલી સિંહાસન અને ગર્ભવતી પત્ની મહારાણી જમનાબાઈ સાહેબને છોડીને અવસાન પામ્યા. આ સમયે એવું માનવામાં આવતુ હતું કે, રાજાનો નાનો ભાઈ મલ્હારરાવ ગાદી પર બેસશે. પરંતુ વિધવા રાણીને બાળકના જન્મ સુધી આ અટકી ગયું હતું. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, મલ્હારરાવ માત્ર ત્યારે જ સિંહાસન માટે સફળ થશે જો જન્મેલ બાળક છોકરી હશે. થોડા મહિનાઓ પછી, રાણીએ રાજકુમારી તારાબાઈને જન્મ આપ્યો અને આ રીતે મલ્હારરાવને રાજાનો તાજ પહેરાવવામાં આવ્યો. પરંતુ પાંચ વર્ષ પછી તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને ગોપાલરાવને રાણીએ દત્તક લીધા. આ જ બાળક ગોપાલરાવ દૂરદર્શી રાજા મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા બન્યા.

# ગુજરાત નારી શક્તિ વંદના કાર્યક્રમના આયોજન બાબતે જિલ્લા કલેકટરશ્રીની કચેરી નડિયાદ ખાતે મીટીંગ યોજાઇ



। નડિયાદ, તા.૨ ।

આગામી તારીખ ૬ માર્ચ ૨૦૨૪ ના રોજ યોજાનાર ગુજરાત નારી શક્તિ વંદના કાર્યક્રમ માટે ખેડા જિલ્લામાં આ કાર્યક્રમના સુચારુ આયોજન હેતુ જિલ્લા કલેકટરશ્રીની કચેરી નડિયાદ ખાતે બેઠક યોજાઇ હતી. આ પ્રસંગે અધિક નિવાસી કલેકટર શ્રી ભરત જોષીએ ખેડા જિલ્લામાં નારી શક્તિ વંદના કાર્યક્રમ સંદર્ભે કાર્યક્રમના તમામ નોડલ અધિકારીશ્રીઓને આયોજનબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી. તેમણે કાર્યક્રમ માટે જરૂરી ભોજન વ્યવસ્થા, પાર્કિંગ, મંડપ, પીવાનું પાણી, ટોયલેટ અને મેડિકલ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. સાથે જ ડીઆરડીએ ડાયરેક્ટરશ્રી લલિત પટેલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં ખેડા જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયા, અધિક નિવાસી કલેકટરશ્રી ભરત જોશી, ડી.આર.ડી.એ ડાયરેક્ટર શ્રી લલિત પટેલ, અગ્રણીશ્રી અજય બ્રહ્મભટ્ટ, જિલ્લાના મહિલા મોરચાના પ્રમુખો, પ્રાંત અધિકારીશ્રીઓ, નગર પાલિકા ચીફ ઓફિસરશ્રીઓ, આરજ્બી ના અધિકારીશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# થરા શ્રી વિનય વિદ્યા મંદિર ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ યોજાયો




તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨ ।

કાંકરેજ તાલુકાના થરા ખાતે આવેલ શ્રી વિનય વિદ્યા મંદિર થરામાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોનો દીક્ષાંત વિદાય શુભેચ્છા સમારોહ મંડળ ના પ્રમુખ અને માર્કેટ સમિતિ થરા ના ચેરમેન અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે અણદાભાઈ પટેલે બાળકોને પોતાના જીવનમાં અથાગ મહેનત કરી પોતાના કુટુંબ અને રાષ્ટ્ર ઉન્નતીમાં સહયોગી બની આગળ વધવાની શીખ આપી હતી. શાળાના ગત વર્ષમાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર ધો.૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ શ્રી કરશનભાઈ પટેલ, તાલુકા ભાજપના પ્રમુખ ઈશ્વર ભાઈ પટેલ, કુંવરા ભાઈ ચૌધરી, ડામરભાઈ ખરસાણ, સુરેશભાઈ પટેલ આચાર્ય હરેશભાઈ ચૌધરી, પૂર્વ આચાર્ય ઈશ્વરભાઈ પટેલ,જ નાથાભાઈ પટેલ,નટવરલાલ શેખલિયા, નરેશભાઈ પટેલ તથા સમગ્ર સ્ટાફ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ લીંબાચિયાએ કર્યું હતું.

# સાબરમતી-ભુજ સ્પેશિયલ ટ્રેનના ફેરાનું વિસ્તરણ સાબરમતીને બદલે ગાંધીનગરથી પ્રસ્થાન કરશે

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ અને સાબરમતી સ્ટેશન પર નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) તેમજ રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) દ્વારા કરવામાં આવી રહેલા વિકાસ કાર્ય તેમ જ પ્રસ્તાવિત બ્લોકને ધ્યાનમાં રાખીને સાબરમતી-ભુજ-સાબરમતી સ્પેશિયલ ટ્રેન સાબરમતીને બદલે ગાંધીનગરથી પ્રસ્થાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન ૦૬ માર્ચ, ૨૦૨૪થી ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી દરરોજ ચાલશે. યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આ ટ્રેનનું રોકાણ ચાંદલોડિયા-B તેમજ આંબલી રોડ સ્ટેશન પણ આપ વામાં આવ્યું છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે

**ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર સ્પેશિયલ**

ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર સ્પેશિયલ ટ્રેન ભુજથી સવારે ૦૬:૫૦ વાગ્યે પ્રસ્થાન કરીને ૧૨.૫૬ કલાકે આંબલી રોડ ૧૩.૦૬ કલાકે ચાંદલોડિયા-B અને ૧૩.૫૫ કલાકે ગાંધીનગર પહોંચશે. અન્ય તમામ સ્ટેશનો પર રોકાણ અને સમય યથાવત રહેશે.

**ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર-ભુજ સ્પેશિયલ**

ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર-ભુજ સ્પેશિયલ ટ્રેન ગાંધીનગરથી ૧૭:૧૦ વાગ્યે પ્રસ્થાન કરીને ૧૭:૩૫ વાગ્યે ચાંદલોડિયા-B, ૧૭.૪૫ વાગ્યે આંબલી રોડ, ૧૮.૧૮ વાગ્યે વિરમગામ, ૧૯.૧૯ વાગ્યે ધ્રાંગધ્રા, ૧૯.૫૦ વાગ્યે હળવદ, ૨૦.૨૭ વાગ્યે માળિયા-મિયાણા, ૨૧.૧૨ વાગ્યે સામાખ્યાલી, ૨૧.૩૦ વાગ્યે ભચાઉ, ૨૨.૧૦ વાગ્યે ગાંધીધામ, ૨૨.૪૮ વાગ્યે આદિપુર પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૪૫૫ તેમ જ ૦૯૪૫૬ના વિસ્તૃત કરાયેલા ફેરાની બુકિંગ તત્કાલ પ્રભાવ થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના પરિચાલન, સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર જાણકારી માટે યાત્રી અત્રે આપેલ વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પરથી મેળવી શકે છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨